
# જ્યોતિપુંજ

**JYOTI PUNJ**

R.N.I.No. : 11555 / 1966
Vol No. 65 - Issue No. 3
Price Rs. 1/-
Total - 40 Pages
June - 2021



legrand®
LIVE THE ADVANTAGE

AUTHORISED DISTRIBUTOR STOCKIST
matchwell ELECTRIC COMPANY

COMPLETE PRODUCT RANGE – DEPENDABLE HOUSE

WHY LEGRAND AT MATCHWELL
INQUIRE TURNOVER SCHEME & DISCOUNT POLICY.
ELECTRICIAN INSURANCE SCHEME & WARRANTY POLICY

legrand® Product Brands

| | |
|---|---|
| ARTEOR™ | DRX™ MCCB |
| MYRIUS™ | DX$^3$ MCB |
| MYLINC™ | DLP - LCS$^2$ |
| BRITZY | LYNCUS™ |
| RX$^3$ MCB-RCCB | EKINOXE™ DB |
| DPX$^3$ MCCB | RETAIL DB |

Why 1st Choice ?

* Energy Distribution upto 6300A
* Control and Command
* Voice Data Images
* Active International Presence.
* World leader in wiring Devices and Cable Management
* Product Design – A lever in differentiation-Continuation Innovation

AVAILABLE UNDER ONE ROOF - matchwell legrand®

# MATCHWELL ELECTRIC COMPANY
## HINDUSTAN TAPEX COMPANY

**ADMINISTATIVE SHOP** : Gr. Floor, 'C' BHANGWADI, KALBADEVI ROAD, MUMBAI - 400 002.
**PHONE** : 66336766/ 22080067/ 22063916. **TALLKFREE** :- 022-39567272 /373
**E-mail** : matchwellelectric@gmail.com / finematch@hotmail.com

**DISPLAY SHOWROOM** : Shop-8, Muljijetha CHS Ltd. 191-Princess street, Marine Lines (E), MUMBAI – 400 002
**PHONE** : 022-39567627/ 022- 49764924/ **Kirit Dharia - 9820088069, (PRATIMA - 9820152644).**
**E-mail** : tapesindustrial@yahoo.co.in ; Web www.matchwellelectric.com
**SANJIV DHARIA – 8850964343/9820131333, (PARUL - 9320331333).**

legrand® BCH LUKER (J.V. LUKER - USA) steelgrip
Pidilite WD-40 m-seal® KERAKOLL ADHESIVES WONDER TAPES

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૬૫ | ૩ | ૨૧-૦૬-૨૦૨૧ |

છુટક કિંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

**બંકિમ રજનીકાન્ત પરીખ (તંત્રી) (જુનાગઢવાળા)**

**જતીન દેસાઈ / પ્રશાંત પરીખ**

**તુષાર કડકીઆ / નિમીષા જી. કડકીઆ**

**નિલેશ દેસાઈ**

પત્રવ્યવહારનું સરનામું

**બંકિમ પરીખ (ફોન : ૨૨૦૫૯૬૦૧)**

ડાયમંડ ઈલેકટ્રીક કંપની, ઈ/૨૧ બી,
નિરવ મેન્શન, બીજે માળે, ભાંગવાડી
કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
**ફોન :** ૯૮૨૦૪૩૪૩૨૨

**મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)**

**એ. કે. એન્ટરપ્રાઈઝ**

૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,
ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨
ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

**: સમય :**

સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)
દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.
Visit us at www.balasinor.org


# છત્ર-છાયા

**તંત્રી સ્થાનેથી**

✍ **બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

પ્રાચીન સમયમાં રાજાની છત્ર-છાયા હેઠળ પ્રજા સુખેથી, આનંદથી, સુરક્ષિતતા અનુભવતી લહેરથી જીવતી હતી. વર્તમાન સમયમાં સમાજના મોભીઓની છત્ર-છાયા હેઠળ સમાજની સર્વાંગીણ પ્રગતિ માટે વિવિધ પ્રવૃત્તિઓ કરાતી હોય છે. કુટુંબના મોભી હેઠળ ભાઈ-ભાંડુની પ્રગતિ, દેખરેખ થતી હોય છે. ઘરના મોભી હેઠળ તેનું કુટંબ પોતાને સુરક્ષિત માનતું હોય છે.

મારા માટે મારા પિતા અમારા ઘરનું છત્ર હતા. મારી ૨૩ વર્ષની વયે અમે પિતાની છત્ર-છાયા ગુમાવી દીધી હતી. અચાનક પિતાના ચાલ્યા જવાથી ઘરમાં, જીવનમાં ખાલીપો વર્તાતો હતો. ચર્ચા-વિચારણા, સલાહ-સૂચન, પ્રશ્નોના જવાબ, પિતાનો પ્રેમ-હૂંફ બધું જ બંધ થઈ ગયું. જે પરિસ્થિતી સ્વીકારતાં મને સમય લાગ્યો.....

..... તેવી આજની પરિસ્થિતીમાં, આ કોરોના કાળમાં, આ બ્લેક ફંગસના હાહાકારમાં જેણે પોતાના સ્વજનો ગુમાવ્યા છે, તેઓની હાલત દરેક રીતે બદતર થઈ ગઈ છે. બિમારી પાછળ બેફામ ખર્ચા, ટ્રીટમેન્ટ અપાવવા હોસ્પિટલોમાં લાચારી, ઘર-ઓફિસ- પેશન્ટ સંભાળવાનો બોજો, નિકટજનોનો વિરહ, પેશન્ટ માટે દવા-ઈંજેકશન મેળવવાના વલખા, રૂપિયા-પૈસાની ઉઘાડી લૂંટ આવા અનેક કોઠાઓ પાર પાડી જ્યારે સમાચાર મળે છે કે હવે તમારું સ્વજન નથી રહ્યું ત્યારે કોના ખભે માથું મૂકીને રડવું? આપણી આવી પરિસ્થિતી માટે કોને જવાબદાર ગણવા ? નદી પર લટકી પડેલા તૂટેલા પુલ જેવી આ હાલત સાથે કેમ જીવવું ?

# Mediclaim

## Cashless - Policy

**Entry Age Till 75 Yrs**

**No Medical Test Required**

**Special Plan for**

- ★ Diabetes Patients
- ★ Cancer Patients
- ★ Heart Patients
- ★ Senior Citizen
- ★ Family Floater

**Hardik Nalin Suthar**

**Call - 8655886011 / 9769454999**

કોના સહારે મારા પરિવારને સાચવવો ? દિવસના આ અંધારામાં સાચો રસ્તો કયો ?

કેટલાય પરિવારજનોએ બાળકો, ભાઈ-બહેનો, પ્રિયજન, માતા-પિતા, દાદા-દાદી ગુમાવી દીધા છે. ઘણા નિરાધાર થઈ ગયાં છે. આવા દરેક પરિવારજનોના જીવને શાતા મળે તેવા શબ્દો કોણ કહેશે ? આ પરિસ્થિતી દરેક રીતે ગંભીર અને ભંયકર છે. લાચારી અને મજબૂરીને લીધે ઘણાં હાંસિયામાં ધકેલાઈ જશે. જેણે છત્ર ગુમાવ્યું છે તે ઘરની સંપત્તિ તેના બાળકોને ખરેખર મળશે ? આમા બાળકોનું ભવિષ્ય શું ?

નાના-મોટા જેણે પણ અત્યારે આ મહામારીમાં પોતાના સ્વજનો ગુમાવ્યા છે તેની મનઃસ્થિતી ડામાડોળ રહે છે. લોકડાઉનની પરિસ્થિતીને લીધે સ્વજનો-મિત્રોની અવરજવર રહેતી નથી. તેથી હૈયું મૂંઝાય છે. દરેક દિવસ કપરા કાળ જેવો લાગે છે. સતત ડર, ભય, ચિંતા, વિચારોને લીધે મગજ થાકી જાય છે. વ્યક્તિ ધીમે ધીમે ડીપ્રેશન તરફ ધકેલાતી જાય છે.

અનિશ્ચિતતાના આ સમયમાં જે જ્યાં પણ છે તેણે પોતાની આસપાસના કુટુંબોમાં જાગૃતિ ફેલાવવાની છે. તંદુરસ્તી માટેના વિવિધ માર્ગ, મનની શાંતિ માટેના વિવિધ ઉપાય, નવી પરિસ્થિતીમાં ટકી રહેવા માટે આવકના સ્ત્રોતની જાણકારી, યથાશક્તિ મદદ, પ્રોત્સાહનના ચાર શબ્દો... આ જ તો છે સાચો ધર્મ. આપણે જે પણ કંઈ આપી શકીએ, સમજાવી શકીએ તે દ્વારા ઉપયોગી બનવું. કઈ વાત, કઈ હકીકતથી કોના જીવનમાં કેવા પરિવર્તન આવશે તે તો સમય કહેશે પણ ડૂબતા ને અત્યારે તરણાની જરૂર છે. જે બીજાનો સમય સાચવશે તેની સામે જગતનો નાથ પણ અવશ્ય જોશે. ★★★


।। શ્રી ગોકુલેશો જયતિ ।।



**શ્રી ગોવિંદ જ્યોતિષ કાર્યાલય**

**જ્યો. કર્તા : પુરાણી હેમંતકુમાર રામકૃષ્ણ**

(બી.એ.વીથ સંસ્કૃત) (જ્યોતિષ વિશારદ મુંબઈ)

**જ્યોતિષ, લગ્ન,વાસ્તુ, નવચંડી તથા મહાપુજાનું વેદોક્ત તથા પુરાણોકત સંતોષકારક કાર્ય કરનાર**

**એડ્રેસ :** ૩/૭૦, કૈલાસ કો. ઓ. સોસાયટી, રામબાગ લેન, ઓફ.એસ.વી. રોડ, શાસ્ત્રીનગર, બોરીવલી (વેસ્ટ) મુંબઈ - ૪૦૦ ૦૯૨.

**(૧) ટે. નં. (ઘર) : ૨૮૬૨૩૫૧૭**

**(૨) મોબાઈલ : ૯૮૯૨૬૨૧૧૮૭**



# Yoga By Bankim Parikh

**ONLINE YOGA SESSIONS**

**CONNECT WITH YOUR SOUL**

- Pranayam
- Aasanas
- Power Yoga
- Surya Namaskar
- Stretching
- Other Kriyas
- Meditation
- Relaxation & Shavasan
- Knowledge Sharing



**Batch 1** : Mon to Fri - 7 am to 8 am
**Batch 2** : Mon - Wed - Fri - 4.30 pm to 5.30 pm

**Bankim : 9820434322**
**Shachi : 8097779825**

**RELEASE YOUR MIND AND BODY**


KIRLOSKAR GREEN
IMPALA
Sintex
penta
HONDA
Captain
ESPA
BOSCH
PREMIUM
HAVELLS
Falcon
Einhell
C.R.I. PUMPS
SHAKTI
USHA
• Pumps • Motors • Generators • Engines
• Gear Boxes • High Pressure Cleaners
• Garage Equipments • Workshop Machinery
• Construction Machinery • Power Tools
• Blowers • Material Handling • Tanks • Fans
nipa®
nipa commercial corporation
Plot No. 105/24, Sector 23, Janata Market Turbhe, Navi Mumbai - 400 705. INDIA. TEL.: 91 22 27832099 Fax: 27832063 Cell: 09820130161
Tel.: 41517474 (30 Lines) Fax.: 41517471 / 72 Email: info@nipa.asia Cell: 09820130161
Branches at : ANDHERI & KALBADEVI

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

# જાહેર અપીલ

# ઑપ્થેલ્મોલોજી ટ્રીટમેન્ટ સ્કીમ

ઘરમાં કોરોનાનો એક ની પાછળ બીજો સાપ ઘૂસ્યો છે. ત્યાં બ્લેક ફંગસનો અજગર ચોર રસ્તે ઘરમાં ઘૂસી ગયો છે. આ ફંગસ રૂપી અજગર એટલો વિકરાળ છે કે જેને પણ પોતાનો શિકાર બનાવે છે તે ગણતરીના મામૂલી દિવસોમાં ખતમ થઈ જાય છે.

પારાવાર રોગોના ભયંકર સ્વરૂપે હાહાકાર મચાવી દીધો છે. હસવા-રડવાના ભેદ ઓગળી ગયા છે. માણસ ક્યારેય નહતો તેવો વામણો ને લાચાર થઈ ગયો છે. અત્યારના સમયમાં કોરોના સાથે બ્લેક, વ્યાઈટ, યલ્લો ફંગસનું જોર વધી ગયુ છે. જે આંખના રસ્તે માણસને ઘેરી લે છે. નાક, ગળુ, ફેફસા, મગજ બધું વીંધી નાખે છે. ગણતરીના કલાકોમાં માણસ હતો ન હતો થઈ જાય છે.

ફંગસની ટ્રીટમેન્ટ પણ ઘણી પર્યાય અને લાંબી છે. જેને બધા લોકો પહોંચી શકતા નથી.

આંખ એ આપણા શરીરનું રતન છે અને તેના વિના માનવી પરવશ બની જાય છે. આંખની દરેક પ્રકારની સમસ્યાઓ, બિમારીઓ માટે શ્રી બાલાસિનોર નવયુવક સંઘ એક અગિયાર લાખની સ્કીમ લઈને આપની સમક્ષ આવ્યું છે.

આ સ્કીમ હેઠળ દર્દીને સારવાર માટેના ખર્ચનો લાભ અપાશે અને તેની અણમોલ જીંદગીની સુરક્ષા માટે સંઘ તરફથી નિઃસ્વાર્થ સેવા કરવાનો અવસર સાંપડશે.

સમાજના ઉદારદિલ દાતાઓને વિનંતી કે આ સ્કીમ માટે જેને પણ ઈચ્છા હોય તે

સંઘના પ્રમુખ શ્રી સૌમિલ મોદી અથવા મંત્રી શ્રી ભાવેશ મોદીનો સંપર્ક કરે.

**મંત્રી**
**ભાવેશ મોદી - ૯૮૬૯૦૮૦૨૮૭**

**પ્રમુખ**
**સૌમિલ મોદી - ૯૯૨૦૨૧૩૪૨૬**

Business Superbrand

# TOTAL ELECTRICAL SOLUTIONS



- Electrical Wires – Housegard & Hotgard • Flame Retardant Low Smoke Electrical Wires – Flamegard • Single & Multi Core Flexible Cables • Single Core Flexible Cables for UPS Cabling • PVC Winding Wires & 3-Core Flat Cables • Trunk & Distribution CATV Cables • Branch & Drop Co-axial Cables • 105°C Temperature Resistant Auto Cables • Cat 5 E+, Cat 6 and Cat 6+ LAN Cables & Components • Telephone & Switchboard Cables • Power & Control Cables • Jelly Filled Telephone Cables • Optic Fibre Cables • PVC Sheets • Finoswitch Electrical Switches - Premium & Classic • Fincglow - Compact Fluorescent Lamps

**Finolex Cables Limited**

AN IS/ISO 9001 COMPANY

*Finolex gets people together*

***AUTHORISED DISTRIBUTORS AND CHANNEL PARTNER***

## Pushti Electricals Pvt. Ltd.

**17, Picket Cross Road, Lohar Chawl, Mumbai :- 400 002**

**Tel.: 2206 6230 • 2208 7429 • 2206 5726 • 6637 7929**

**• E-mail : sales@pushtiindia.com • Fax : 2206 7929**

**• Web.: www.pushtiindia.com**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
## સંચાલિત
# કોવીડ રિલીફ ફંડ યોજના વર્ષ ૨૦૨૧-૨૦૨૨

આપ સૌની જાણ માટે શ્રી બાલાસિનોર નવયુવક સંઘ તરફથી આપણા આર્થિક સહાય લેતા સર્વે કુટુંબોને ગત મહિનાઓમાં બજેટની મર્યાદામાં રહીને સહાય કરવામાં આવી હતી.

કોરોના જેવી મહામારીમાં સમાજની દરેક વ્યક્તિ સ્વસ્થ રહે તેવી શુભકામનાઓ.

પરંતુ જે રીતે મહામારીએ વિરાટ સ્વરૂપ ધારણ કરીને વિનાશ વેર્યું છે અને હજી આગળ અનિશ્ચિતતા પ્રવર્તે છે ત્યારે આપણા ઘણા બાલાસિનોરવાસીઓ પણ આર્થિક તંગી અને માનસિક તાણ અનુભવી રહ્યા છે. ખાસ જણાવવાનું કે ગત કારોબારીમાં સંઘે નક્કી કર્યા મુજબ અન્ય કુટુંબો જે આર્થિક તથા અન્ન સહાય લેતા નથી તો આપણું સંઘ તેવા સર્વે કુટુંબોને મદદરૂપ થવા તૈયાર છે.

સંઘ તેના બજેટની મર્યાદામાં રહી તમામ ને બની શકે તેટલી સહાય કરશે. તે માટે નીચે મુજબના હોદ્દેદારો નો સંપર્ક કરવા વિનંતી.

જે કુટુંબના સભ્યો કોવીડ માટે હોસ્પિટલમાં અથવા ઘરે ક્વોરાન્ટાઈન થયા હોય તેઓ પણ સંપર્ક કરી શકે છે.

**મુંબઈ વિભાગ - મંત્રી - શ્રી ભાવેશ બિપીન મોદી (ઠાસરાવાળા) - મોબાઈલ નંબર - ૯૮૬૯૦૮૦૨૮૭**

**ઉપનગર વિભાગ - સહમંત્રી - શ્રી જીગર મણીકાન્ત કડકીઆ - મોબાઈલ નંબર - ૯૮૨૦૩૩૧૫૩૫**

આપણા ઉદારદિલ દાતાઓ તથા દેશ – વિદેશમાં વસતા તમામ બાલાસિનોરવાસીઓને અમારી નમ્ર અરજ છે કે કોવીડ મહામારીના આ આપત્તિકાળમાં સૌ બાલાસિનોરવાસીઓની સુરક્ષા અર્થે સંઘે જે બીડું ઝડપ્યું છે તે લડત ને સફળ બનાવવા આપ પણ ફૂલ નહીં તો ફૂલની પાંખડી જરૂર અર્પણ કરશો. આપની સહાયતાથી સંઘનું મનોબળ વધશે. અમારા કાર્યને વેગ મળશે અને કોવીડ સામે લડત ચલાવવા આપણા સૌની મહેનત સાર્થક નિવડશે.

આપનું અમુલ્ય દાન નોંધાવવા તમે સંઘના **પ્રમુખ શ્રી સૌમિલ જીતેન્દ્ર મોદી મોબાઈલ – ૯૯૨૦૨૧૩૪૨૬ તથા મંત્રી શ્રી ભાવેશ બિપીન મોદી (ઠાસરાવાળા) મોબાઈલ નંબર** – ૯૮૬૯૦૮૦૨૮૭ નો સંપર્ક કરશો.

**મંત્રી - શ્રી ભાવેશ બિપીન મોદી** **પ્રમુખ - શ્રી સૌમિલ જીતેન્દ્ર મોદી**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘને કોવિડ રીલીફ ફંડ માટે પ્રાપ્ત થયેલ દાન

**૧ શ્રી પંકજભાઈ કાંતિલાલ ધારીઆ (લાલખા) હસ્તે શ્રી શૈશવ પંકજ ધારીઆ તરફથી રૂા. ૧,૦૦,૦૦૦/-**

**૨ શ્રી કાર્તિકભાઈ રસિકલાલ કડકીઆ તરફથી રૂા. ૧,૦૦,૦૦૦/-**

**૩ સ્વ. નગીનદાસ લાલચંદ પારેખની પુણ્ય સ્મૃતિમાં**
**શ્રીમતી મનોરમાબેન હસમુખલાલ ધારીઆ તરફથી રૂા. ૧૧,૦૦૦/-**

**ઉપરોક્ત દાતાઓનો સંઘ આભાર માને છે.**

**મંત્રી - શ્રી ભાવેશ બિપીન મોદી** **પ્રમુખ - શ્રી સૌમિલ જીતેન્દ્ર મોદી**



AUTHORISED DISTRIBUTOR
ABB
TEKNIC
ESSEN
socomec
Innovative Power Solutions
ELMEASURE
elmex
SCI
ABB
elmex
ESSEN
ELMEASURE
socomec
Innovative Power Solutions
SCI
TEKNIC
R.K. Engineering Pvt. Ltd.
( Formerly known as R. K. Trading Co. )
www.rkepl.co.in
Corporate Office:
Gala No. 36, Bldg No.3, Mittal Industrial Estate,
Andheri Kurla Road, Andheri (East), Mumbai - 400059
Tel.: 022- 4229 0033/35/36
Registered Office:
B/24, Sujal Mansion, Bhangwadi,
Kalbadevi Road, Mumbai - 400002.
Tel.: 022-39567219 / 40103663
Mobile: 98200 45111 / 98205 97149 / 9820140077
Email: dhrutan@gmail.com | kalpesh18189@gmail.com | sasadhsa@gmail.com | sales@rkepl.co.in

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

## જાહેર ટેંડર

### શ્રી મનોજભાઈ / શ્રી અમરીશભાઈ કચેરીયા કસેંશનલ રેટ નોટબુક યોજના
### તથા
### શ્રી રસીકલાલ ચંદુલાલ પરીખ (સરકાર) નોટબુક રાહત યોજના

નોટબુક છપાવવા માટે ટેન્ડર મંગાવવામાં આવેલ છે. ઈચ્છુક નોટબુક ડીલરોને વિનંતી કે સંયોજક શ્રી દર્શન હરીશ પરીખનો સંપર્ક કરે અને નોટબુક વિષે માહિતી મેળવી લે. તેઓએ પોતાની ઓફર (સીલ્ડ) Sealed કવરમાં સંસ્થાની ઓફિસે તા. ૧૦-૭-૨૦૨૧ પહેલા જમા કરાવવાની રહેશે.

**નોટબુક સાઈઝ - A-4 ઝમ્બો રહેશે.**
**નોટબુક પાના - ૫૪ ગ્રામ રહેશે.**
**નોટબુક કવર પેજ સાથે - ૧૮૪ પાના રહેશે.**

**મંત્રી – શ્રી ભાવેશ બીપીન મોદી** **સંયોજક – શ્રી દર્શન હરીશ પરીખ**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
### ગિરિ પૂજા કોકીલાબેન પ્રવિણચંદ્ર પૂનમચંદ બીન ચુનીલાલ કડકીઆ (વલ્લભઘેલા)

## જનતા ફી સહાય યોજના

વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનો માટે દર વર્ષની જેમ આ વર્ષે પણ ફી સહાય સમિતીની રચના કરવામાં આવી છે. તે હેઠળ જરૂરીયાતમંદ વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનો ને ફી સહાય કરવામાં આવશે.

ફોર્મ લઈ જઈ સંપૂર્ણ વિગતો વાલીની સહીં લઈ ઓફિસમાં **તા. ૦૧-૦૮-૨૦૨૧ થી તા. ૩૦-૯-૨૦૨૧** પહેલા આપી જવા વિનંતી.

ફોર્મની વિગતો સંપૂર્ણ ભરવી જેથી કરીને ફી સહાય મેળવવામાં વિલંબ ન થાય. આ આપણા સમાજ તરફથી આપવામાં આવતી સહાય છે. તેથી જરૂરિયાતવાળાઓ તેનો અવશ્ય લાભ લેશો તેવી આશા.

**ફોર્મ મેળવવા તથા ભરીને આપવાનું સ્થળ :**

(૧) **સમીર જયેન્દ્ર ગાંધી :** નિકોશી ટ્રેડીંગ કંપની, ૧૨/૫, ૧ લે માળે, અજમેરા હાઉસ, ૬૩/૬૭ પાઠક વાડી, લુહાર ચાલ, મુંબઈ-૪૦૦૦૦૨. મોબાઈલ - ૯૮૨૧૨૩૪૩૦૬

ફોર્મ સાથે ઝેરોક્ષ માર્કશીટ અને ફી રીસીપ્ટ આપવી જરૂરી છે.

**મંત્રી : ભાવેશ મોદી** **સંયોજક : દિપક નવનીતલાલ શાહ – ૯૮૨૦૫૭૯૧૫૫**

# SWETA ELECTRIC CORPORATION

## 71, MANGALDAS ROAD, LOHAR CHAWL, MUMBAI - 400 002

## TEL NO.: 22087171 / 22088662 / 65207269

## Email: sweta@xlelectricals.com

## PRAFUL SHAH : MOB: 98339 25359

## AUTHORISED DEALERS

dowell's®

AN ISD 9001 - 20001 CERFIED CO




BRASS CABLE GLANDS



LAUG AND TOOLS

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

- D શ્રીમતી ચંદનબેન મણીલાલ દોશી - સ્વાસ્થ્ય યોજના
- D શ્રીમતી તારાબેન કિર્તનલાલ લલ્લુભાઈ દેસાઈ - હોસ્પિટલ સહાય યોજના
- D શ્રી રસીકલાલ રમણલાલ કડકીઆ (RR) - ટ્રીટમેન્ટ ફોર કેન્સર
- D ઉજસ અનીષ ગાંધી - ટ્રીટમેન્ટ ફોર બાયપાસ સર્જરી
- D શ્રીમતી કુમુદબેન છબીલદાસ શેઠ - ટ્રીટમેન્ટ ફોર કીડની ડાયલીસીસ
- D શ્રીમતી દમયંતીબેન પ્રવિણચંદ્ર શાહ (ઝાટ) - ટ્રીટમેન્ટ ફોર ઓર્થોપેડીક સર્જરી

## અગત્યની જાહેરાત

મંડળ સંચાલિત ઉપયુક્ત પ્રવૃત્તિઓના અનુસંધાનમાં ચાલુ વર્ષ (૨૦૨૧-૨૦૨૨) હોસ્પીટલ તથા સ્વાસ્થ્ય યોજનાની સહાય લેવા ઈચ્છુક સભ્ય નવા ફોર્મ નીચે જણાવેલ એડ્રેસ પરથી મેળવે. (ફોર્મ વિગતવાર ભરીને મોકલવું)

**શ્રી મનોજ રસીકલાલ પરીખ - મયુર ટ્રેડીંગ કોર્પોરેશન,** ૧૫૮/૧૬૦, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, ૧લે માળે, મુંબઈ - ૪૦૦૦૦૩. ફોન - ૨૩૪૨૮૭૮૫

**મંત્રી** — **શ્રી ભાવેશ બીપીન મોદી**

**સંયોજક** — **શ્રી મનોજ રસીકલાલ પરીખ**

---

### શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
### શ્રીમતી શાંતાબેન શાંતીલાલ શાહ (ચોકસી)
### પુરસ્કૃત

## વાર્ષિક પારિતોષિક યોજના


શ્રી બાલાસિનોર નવયુવક સંઘ તરફથી વિવિધ માધ્યમિક તથા ઉચ્ચ માધ્યમિક પરિક્ષાઓમાં વર્ષ ૨૦૨૦-૨૦૨૧માં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થી ભાઈ તથા બહેનોને પારિતોષિકો આપવામાં આવે છે.

જેમાં KG ધોરણ ૧ થી ૯, S.S.C, HSC, B.Com., B.Sc, B.A., B.ED, CA, LLB, MBA, MBBS વગેરે પરીક્ષાઓનો સમાવેશ થાય છે.

તો દરેક પરીક્ષામાં સારા માર્ક સાથે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થી ભાઈ બહેનોએ પોતાની માર્કશીટ (ઝેરોક્ષ કોપી) પાછળ પુરૂ નામ, સરનામું તથા ફોન નંબર સાથે લખીને તા. ૩૦-૭-૨૦૨૧ સુધીમાં **ભાવેશ બીપીન મોદી - ૯૮૬૯૦૮૦૨૮૭** તથા **ઉર્મિલ નવીનચંદ્ર કડકીઆ - ૯૮૧૯૧૮૩૩૭૯** નો સંપર્ક કરવો.

ઈનામોનું વિતરણ સંસ્થાના વાર્ષિક સામાન્ય સભાને દિવસે કરવામાં આવશે.

**મંત્રી- શ્રી ભાવેશ બીપીન મોદી**


TELEPHONE & SWITCHYARD WIRES
HT CABLES
LT CABLES
LAN CABLES
CCTV CABLES
SUBMERSIBLE WIRES
SCREENED CABLES
FLEXIBLE CABLES
JELLY FILLED TELEPHONE CABLES
CO-AXIAL CABLES
SOLAR CABLES
WELDING CABLES
SPEAKER WIRES
INDUSTRIAL WIRES
POLYCAB
CABLE GLAND
FANS
CONCEALED METAL BOX
SWITCHES
& MANY MORE PRODUCTS TO BE LAUNCHED
PRABHAT CABLES PVT. LTD.
33, Pathak Wadi, Lohar Chawl, Mumbai - 400 002.
ESTD : 1958
Distributors
POLYCAB
WIRES & CABLES

# જીવાત્મા – આત્મા – પરમાત્મા

✍ કીરીટ ધારીઆ (પ્રતિક્રમા)

માણસને પરમાત્માએ આત્મા આપેલ છે. જેમાં આત્મિક સત્યમાં સ્થિર થઈને તમામ વહીવટ અને આચરણ કરવા જીભ આપી છે સત્ય બોલવા માટે અને અસત્યનું રૂપ જોવા આંખ આપી છે. સમ્યક રીતે દર્શન કરવા મન આપ્યું છે. ધ્યાન અને યોગ દ્વારા મૌનમાં સ્થિર થવા ચિત્ત આપ્યું છે. એકાગ્ર કરી ચિંતન કરી સાત્વિક અને પવિત્ર વિચાર કરવા બુદ્ધિ આપી છે. તેને શુધ્ધ કરીને સત્ય સ્વરૂપ થઈ જીવન જીવવા હાથ આપેલ છે. કર્તવ્ય રહિત થઈને નિષ્કામ કર્મો કરવા હૃદય આપ્યું છે. હૃદયને ચેતનામાં જાગૃત પૂર્વક સ્થિર થઈ વ્યવહાર અને આચરણ કરવા જીવન આપ્યું છે. આ બધું જ પરમાત્માએ બધા જ અંગોનો સત્ય સ્વરૂપ થઈને જીવવા આપણને દાનમાં આપેલ છે.

તેમણે પૂરેપૂરી શુધ્ધતા સાથે આ દુનિયામાં આપણને રમતા મૂક્યા છે અને એવા જ પરમ શુધ્ધ પાછા ફરજો તેવી આશા અને અપેક્ષા રાખી, જીવનને રમત સમજી રમવા કહ્યું છે અને જીવન બક્ષ્યું છે. સાથે સાથે કોઈપણ જાતના પદાર્થને પકડધાર બનીને આસક્તિ યુક્ત જીવન જીવવાની સ્પષ્ટ મનાઈ જ રાખી છે કારણ કે આસક્તિ યુક્ત જીવન અને પદાર્થની પક્કડ જ દુઃખદાયક છે. બુધ્ધ ભગવાને એટલે જ કહ્યું 'તૃષ્ણા જ દુઃખદાઈ છે. તેમાંથી મુક્ત થાવ.' એટલે જીવનમાં સુખ જ છે.

પરંતુ સાથે કર્મોનો હિસાબ કિતાબ અને તેની પક્કડ અને સાથે સાથે આ હિસાબ કિતાબના વ્યક્તિવનો સમુહ અને સમાજ પણ સંકળાયેલો છે. કુકુર્મોના પોટલા છોડવા અને નવા સારા કર્મો બાંધવાની રમતમાં તમે કેટલા પાવરધા છો? તે માટે મનની સાથે હૃદયનાં ભાવનો સમન્વય જેટલો વધુ અને દ્રઢ સાત્વિક માર્ગે અપનાવી આચરણ કરવાની યોગ્યતા જરૂરી છે. 'જાગ્યા ત્યાથી શરૂઆત' એ ઉત્તમ છે. પરમાત્માએ જે હેતુથી અંગો આપેલા છે, તે હેતુની વિરદ્ધમાં જ અજ્ઞાનીઓના અમલ કરેલા માર્ગે ચિંતાગ્રસ્ત થાય છે અને માને છે કે પરમાત્મા જ મને દુઃખી કરે છે.

માણસોને ભય, ભ્રમ અને ભ્રમજાળમાં ફસાવે છે. જ્યાં ભય ત્યાં શાંતિ તથા આનંદ ગાયબ હોય છે. પરમાત્મા દુઃખી કરવા નવરા નથી. જે કાંઈ દુઃખ ચિંતાઓનો ભોગ બને છે, તેનું કારણ પોતે જ છે. માણસની વૃત્તિ, પ્રકૃતિ અને વિચારનું સ્પષ્ટ ચિત્ર જેથી જ દુઃખી છે. આનંદપૂર્વક જીવવા આવ્યો હતો પણ પોતાના જ હાથે જ દુઃખી થાય છે. પોતાના હાથે જ અજ્ઞાનીઓના કહેવા પ્રમાણે પોતાના પગ પર કુહાડા મારી અશાંત અવસ્થામાં જીવન જીવે છે કારણ કે મરણ તો પરમાત્માના હાથમાં જ છે. અનેક યોગ્ય અયોગ્ય સમયને જરા શાંત ચિત્તે વિચારો કે આપણે શું મેળવ્યું, અને શું ગુમાવ્યું?

★★★


## દક્ષેસ જયંતિલાલ ભટ્ટ (ગોર)

(જ્યોતિર્વિદ-મુંબઈ)

**Sankalp Astrologist & Palmist**

તથા

**જ્યોતિષ, કોમ્પ્યુટરાઈઝ જન્માક્ષર, લગ્ન, વાસ્તુ, સિમંત, નવચંડી, નારાયણબલિ, પંચબલિ, પ્રાણ પ્રતિષ્ઠા, ઉત્તર ક્રિયા, નક્ષત્ર શાંતિ, શ્રીમદ્ ભાગવત પારાયણ, યોગશાંતિ, પંચયાગ, દરેક પ્રકારની પૂજા વિધી, ઓન લાઈન પુજા અને માર્ગદર્શન.**

**મો. – ૯૫૯૪૩૨૬૨૦૨**


SHAH & SHAH ENTERPRISE
1st Floor, GK Building, 35 Vithaldas Road, Lohar Chawl, Mumbai – 400002.
022 - 2201 7283
info@shahent.co.in
www.shahent.co.in
+91-98198 17568 / 98670 13920
Lohar Chawl Talk Free Extension – *743
Authorized Stockists:
MERSEN
Expertise, our source of energy
Solar PV Fuse
Time Delay Fuse
Midget Fast-Acting Fuse
UltraSafe™ FuseHolder
Protistor fuse (all sizes)
BS Semiconductor fuse
Semiconductor
SPDs
D-Link
Building Networks for People

# તજ

✍ તંત્રી મંડળ તરફથી

**તજનું સેવન તમને એક કે બે નહિ પણ અનેક રોગમાંથી અપાવશે મુક્તિ, બસ કેવી રીતે પ્રયોગ કરવો એ માટે વાંચો આ લેખ....**

મરાઠીમાં તે 'દાલચિની' તરીકે ઓળખાય છે. કન્નડમાં તેને 'ચેક્કે' કહે છે. બંગાળીમાં તેને 'દારચીની' કહે છે. તેલુગુમાં તેને 'દાલચીના ચક્કા' (ચક્કાનો અર્થ છાલ અથવા લાકડું છે) સંસ્કૃતમાં તજને 'ત્વાક' અથવા 'દારુસિતા' તરીકે ઓળખવામાં આવે છે. ઉર્દૂ, હિન્દીમાં તજને 'દાલચીની' કહે છે. આસામીઝમાં તેને 'અલસેની' પર્શિયનમાં તેને 'દારચિન' કહે છે. તુર્કિશમાં તેને 'તાર્સિન' કહે છે અને ગુજરાતીમાં તેને 'તજ' કહેવામાં આવે છે.

તજ એ મેંગેનીઝ, ફોસ્ફરસ, ફાઈબર, આર્યન અને કેલ્શિયમ, કાર્બોહાઈડ્રેટ, વિટામિન-એ નો એક મહાન સ્ત્રોત છે.

જ્ઞાનીઓ એક વખત નવા તારા અને નવા ગ્રહની શોધની વાત કરતા હતા ત્યારે જ સંત સેવરીને કહ્યું, 'એક નવા તારાની શોધ કરવા કરતાં કોઈ નવો મસાલો રસોઈમાં ઉમેરીને સ્વાદિષ્ટ ડિશ બનાવો. તેનાથી માનવજાત વધુ ખુશ થશે અને આ મસાલામાં તજ એક સર્વમાન્ય આંતરરાષ્ટ્રીય મસાલો છે.' ગુજરાતીના ઘરમાં તજ, લવિંગ અને એલચી તો હોય જ.

'ઈટિંગ એન્ડ ડ્રિંકિંગ' નામના પુસ્તકમાં લખ્યું છે કે આપણો ઈશ્વર મહાન છે અને તેનો રસોઈઓ તો અદ્‌ભુત હોવો જ જોઈએ, જે તેની રસોઈમાં તજનો ઉપયોગ કરીને શાક-દાળને સ્વાદિષ્ટ બનાવતો હશે.

અંગ્રેજીમાં કહેવત બહુ બોલાય છે 'ધેટ મેન ઈઝ સો સ્વીટ, હી એડઝ સ્પાઈસ ટુ લાઈફ' એટલે કે ફલાણો માણસ એટલો મીઠો છે કે તે આપણા જીવનને સ્વાદિષ્ટ બનાવે છે. એ વાતને વધુ ભૌતિક બનાવીએ તો અંગ્રેજીમાં જેને સિનેમોન કહે છે તે તજ કે દાલચીનીને આપણે દાળ-શાક કે બીજી રસોઈમાં માત્ર સ્વાદિષ્ટ બનાવવા અગર મુખવાસ તરીકે જ તેને જાણીએ છીએ પણ તજ તો એક ઘરગથ્થુ વૈદ્ય પણ છે અને એવો વૈદ્ય છે કે ભલભલા ડૉક્ટરો આપણા શરીરની ફરિયાદો જેને સસ્તા ઈલાજથી સારી કરી શકતા નથી, તેને તજ સારા કરે છે. તજનું સેવન એક અચ્છું દેશી ઔષધ છે. મુંબઈમાં મોટે ભાગે તજ-મસાલા વગેરેનો વેપાર કચ્છી માડુઓ કરે છે. તેઓ 'ભૂંગળી-તજ' પણ વેંચે છે.

ભારતની ઓર્ગેનિક ઓથોરિટી કહે છે કે ૨૪ કેરેટ સોનું જેટલું કિંમત છે તેટલા જ કિંમતી ૨૪ ઔંસ જેટલા તજ છે. આજે ભારતમાં ડાયાબિટીસનો રોગ સતત વધતો જાય છે. આ ડાયાબિટીસ માટે ભોજનમાં દાળ શાકમાં ગૃહિણીઓ તજનો પાઉડર નાખે અને જમ્યા પછી તજ ચાવી જાય તો ડાયાબિટીસ માટે તે સસ્તામાં સસ્તી અને આડઅસર વગરની 'દવા' બની જાય છે. ટાઈપ-ટુ ડાયાબિટીસ આજે જગતભરમાં ભોજનના શોખીન લોકોને ઘેરી વળ્યો છે. ડૉ. શેન એલિસન કહે છે કે ઘણી પ્રિસ્કિપ્શનવાળી દવાને બદલે તજનો ભુક્કો અને બુકડો ગરમ પાણી સાથે લેવાથી અને તમારા રોજિંદા આહારમાં તપ્યા વગરનો રાખવાથી ડાયાબિટીસ કંટ્રોલમાં આવે છે. ગરમ દૂધ અગર દહીં-છાશમાં હંમેશાં ચપટીક તજનો પાઉડર લેવાથી ડાયાબિટીસનો ભય રહેતો નથી. એક ડૉક્ટરના કહેવા અનુસાર અમેરિકન દર્દીને જેમને ડાયાબિટીસની આડઅસર વગરની દવા જોઈએ તેમને તજનો ભૂક્કો પ્રિસ્ક્રાઈબ કરું છે. ફાસ્ટફૂડ તમને જે નુકશાન કરે છે તે નુકશાન તજનો ભૂક્કો દૂર કરે છે. તજ એક ઔષધિય મુખવાસ છે. વૈદોએ તજને વજન ઘટાડનારો શ્રેષ્ઠ મુખવાસ ગણ્યો છે !

ગુજરાતીઓ નજીકના જ ભૂતકાળમાં અગાઉ જે રીતે નિયમિત તજને વાપરતા તે હવે ભૂલતા જાય છે. યુવા પ્રજા અંગ્રેજી શબ્દો વધુ જાણે છે. તજ થકી કોલેસ્ટ્રોલ ઘટે

Mr. BHARAT K. DOSHI
98210 27136

BHS

# BINITA HARDWARE STORES

Stockiest of :

M.S. / S.S. / HIGH TENSILE BOLT- NUTS, WASHERS, RIVETS, WIRE NAILS, ANCHOR FASTENERS, ALLEN BOLTS, "U" BOLTS ETC.

Shop No. 1, Gr. Floor, 3 - Narayan Dhuru X Lane, Mumbai - 400 003.
Tel. :2311 2115 / 2344 9282, Telefax :2345 1580
E-mail: nagdevi.mumbai@novatek.net.in

Mr. PRANAV B. DOSHI
98210 28730

# Novatek Electro Engineers Pvt. Ltd.

*"Leads you to The Quality Era"*

**National Distributors For Schneider Electric India P. Ltd.**

Schneider Electric

H.O. (Mumbai) :
306, Prathamesh Tower , B-Wing , Senapati Bapat Marg , Lower Parel , Mumbai - 400 013.
Tel. : (+91-22) 2491 2634 / 35 / 2494 2080 Fax : (+91-22) 2491 2635
E-mail : sales.mumbai@novatek.net.in / operations.mumbai@novatek.net.in

BHIWANDI :
AU-6-7, Rajlaxmi Commercial Complex , At Post Kalher , Bhiwandi, Dist. Thane - 421 302.

**BRANCHES :**
**Bangalore | Chennai | Gurgaon | Hyderabad | Kolkata**

Merlin Gerin / Square D / Telemecanique
CONZERV Smart Energy Management
MEHER
LEIPOLD
CLIPSAL
DIGILINK
APC by Schneider Electric
LAPPGROUP

**An ISO 9001 : 2008 Certified**

**www.novatek.net.in**

છે. પાંચ હજાર વર્ષ પહેલાં મલેશિયા અને ચીનથી તજ ભારતમાં આવતા. સૌ પહેલા કેરળમાં આવતા. જૂના સમયમાં રાજાને ખુશ કરવા માટે તેને ભેટમાં તજ અપાતા. એમ પણ કહેવાય છે કે એપોલો નામના દેવતાના મંદિરમાં સૌથી વધુ કિંમતી દાન અપાતું તે તજનું હતું. સાઉદી અરેબિયામાં પણ તજ થતા અને ઈજિપ્ત થઈને જગતભરમાં તજની નિકાસ થતી. યુરોપના દેશોમાં શરાબને સુગંધવાળો બનાવવા તેમાં તજનો પાઉડર ઉમેરાતો.

શહેનશાહ નીરોએ તેની વહાલી પત્નીનાં શબને બાળવા માટે તજનું લાકડું વાપર્યું હતું. આને કારણે તેની પત્ની પેપીઆ સેબિનાનું શબ બળતું હતું, ત્યારે તજની સુંગધ ઔષધીય બનીને ફેલાઈ હતી!

રોમન લોકો તેના રસોડામાં તજનો એસેન્સ કે તેલ અવશ્ય રાખતા અને ઘરની રસોઈમાં આ તેલ જરૂર ઉમેરાતું. મહાન ઈતિહાસકાર યુરોડોટસ કહે છે કે પશ્ચિમની દુનિયાના લોકોને તજ વાપરવાની ગતાગમ નહોતી. તે લોકોને ઈજિપ્ત અને ભારતના લોકોએ તજ વાપરતા શીખવ્યું. આરબ દેશોમાં તો અચૂક પક્ષીઓને તાલીમ અપાતી જેઓ જંગલમાંથી સૂકાયેલા તજની લાકડીઓ ઊંચકી લાવતા. ઈન્ડોનેશિયાનાં દેશી વહાણો તજ પકવતા દેશો જેવા કે મલેશિયા કે આફ્રિકાથી આવતા તેમાં તજના ભારાના ભારા લેતા આવતા. ઈજિપ્તના એલેકઝાન્ડ્રિયા પોર્ટમાંથી તજની ઘણી નિકાસ થતી. ડચ ઈસ્ટ ઈન્ડિયા કંપની પોતે તજની ખેતી કરવા લાગી ત્યારથી તજ ગોવામાં આવ્યા. કેરળના કન્નુર જિલ્લામાં બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીના મેનેજર લોર્ડ બ્રાઉને તજની ખેતી અને વેપાર શરૂ કર્યો હતો અને આપણને ત્યારે અસલી તજ ખાવા મળતા. તજનો છોડ વાવ્યા પછી બે વરસે તેની છાલનો ઉપયોગ તજ તરીકે થાય છે. તજના વૃક્ષની જે છાલ હોય છે, તે ઊંચી ક્વોલિટીના તજ આપે છે પણ તે બહુ દુર્લભ હોય છે.

આજે હજી કેરળથી તજ આવે છે પણ તેના વૃક્ષમાં જલ્દીથી જંતુ પડે છે તેથી ત્યાં દવા છાંટવામાં આવે છે. પરિણામે, તેની ઔષધીય અસર તદ્દન ઘટી જાય છે. તજનું ગ્લોબલ પ્રોડકશન આશરે ૨,૧૩,૬૭૮ ટન છે અને તેમાંથી મોટા ભાગના ૭૬ ટકા તજ ચીન અને ઈન્ડોનેશિયાથી આવે છે.

આપણે ઘણા એવા નુસખા વિશે સાંભળ્યું હશે અને સામાન્ય રીતે ઘરેલું નુસખાથી શરીર હંમેશા તંદુરસ્ત રહે છે, અને ઘણી બીમારીથી પણ મુક્ત રહી શકાય છે. આયુર્વેદ અનુસાર શારીરિક અને માનસીક સમસ્યા માટે બેસ્ટ ઉપાય છે ઘરેલું નુસખો. દરેક લોકોના રસોડામાં બધા પ્રકારના મસાલા હોય છે તેમાં જ આપણા ઘરેલું નુસખા છુપાયેલા હોય છે. તો આવો આજે 'તજ' જે અનેક પ્રકારની સમસ્યાઓને દુર કરે છે. તેના વિશે સમજીએ.

તજમાં વિટામિન્સ, ફાઈબર, આયર્ન તથા મિનરલ્સ જેવા પોષક તત્વો રહેલા છે. જે વ્યક્તિને અનેક પ્રકારના રોગમાંથી છુટકારો અપાવે છે. તજનું સેવન કરીને આપણે માથાના દુ:ખાવાથી લઈને પગની પાની સુધીના દરેક રોગમાંથી મુક્તિ મેળવી શકીએ છીએ.

તજની તાસીર ગરમ છે એટલા માટે તજનું સેવન જરૂરિયાત પ્રમાણે જ કરવું. જો ખુબ જ વધારે તજનું સેવન કરવામાં આવે તો શરીરમાં આડઅસર પણ થઈ શકે છે. તજના પાવડરનું પ્રમાણ વધુમાં વધુ ૧ થી ૫ ગ્રામ સુધીનું હોવું જોઈએ. જો બાળકો ને આ તજના પાવડરનું સેવન કરાવવું હોય તો નિયમિત ફક્ત ૨ ગ્રામ જેટલું જ સેવન કરાવવું. આજે અમે તમને તજનું સેવન કરવાથી કયા કયા ફાયદા થાય છે તેના વિશે જણાવીશું.

**કીડની ની સમસ્યા :** નિયમિત સવારે ભૂખ્યા પેટે એક ચમચી તજનું ચૂર્ણ પાણી સાથે ગ્રહણ કરવામાં આવે તો કીડનીની સમસ્યામાંથી મુક્તિ મેળવી શકાય છે.

**એઈડ્સ :** તજનું સેવન એઈડ્સની સમસ્યા દૂર કરવા માટે ખુબ જ લાભદાયી છે. જો આપણા શરીરમાં સફેદ રક્ત કણનું પ્રમાણ ઓછુ થવા માંડે તો આ સમસ્યા થઈ

# તમારા સ્નેહભાવને પરંપરાગત ગુજરાતી અલંકારોથી વ્યક્ત કરો !



પેઢી દર પેઢીના વારસાગત અનુભવથી અમારી કારીગરીએ ઘણા પારખુ ગ્રાહકોને સંમોહીત કર્યા છે.
નકશીકામની ગુણવત્તા કહો કે પછી શ્રેષ્ઠકૃતિની રચના,
જોતાં જ ગમી જાય એવા અલંકારો અમે આપની સમક્ષ પ્રસ્તુત કરીએ છિએ.

પધારો; પરંપરાગત ગુજરાતી અલંકારોની ઉત્કૃષ્ટ શ્રેણી
અમારા એકમાત્ર બુટિક - એસ. વી. રોડ, અંધેરી ખાતે નિહાળો.

Since 1962

## સોની શિવલાલ જ્વેલર્સ પ્રા. લિ.

સુવર્ણ અને હિરાનું કલાત્મક સંગ્રહસ્થાન, ખરીદદાર, વેચનાર, નિકાસકર્તા અને સરકારમાન્ય વેલ્યુઅર

શો-રૂમ : શોપ નં. ૧ અને ૨, સેન્ટર સ્ક્વેઅર બિલ્ડીંગ, ફિદાઈ એકેડમીની બાજુમાં,
એસ. વી. રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઈ ૪૦૦૦૫૮ | ફોન : +૯૧-૨૨-૨૬૭૦ ૫૪૫૪ / ૪૦૧૩ ૯૧૫૫

શકે છે. આ સમસ્યા માટે નિયમિત ૨ ગ્રામ તજને ચાવીને સેવન કરવું. જેથી આ સમસ્યા ઉત્પન્ન થવાની સંભાવના ઘટી જાય છે.

**દમની સમસ્યા :** દમની સમસ્યાથી પીડિત વ્યક્તિ માટે તજ, અંજીર, તુલસીના પર્ણો, નોસાદર જવારા દાણા જેટલું, એલચી, કાળી દ્રાક્ષ, સાકર વગેરે વસ્તુઓ ક્રશ કરીને એક કપ પાણીમાં ભેળવી ઉકાળીને દરરોજ સવારે તથા સંધ્યા સમયે સેવન કરવામાં આવે તો દમની સમસ્યામાંથી રાહત મળી શકે. પરંતુ આ ઉપાય અજમાવ્યાના અડધો કલાક સુધી કઈ પણ વસ્તુનું સેવન ના કરવું.

**અપચો :** તજની ૨ ગ્રામ છાલને વાંટીને તેનો પાવડર તૈયાર કરી લેવો, ત્યારબાદ સવારે ખાલી પેટ હુંફાળા જળ સાથે સેવન કરવામાં આવે તો આ અપચાની સમસ્યામાંથી મુક્તિ મેળવી શકાય છે.

**ભૂખ ના લાગવી :** તજ અને અજમો સપ્રમાણ ભાગમાં લઈને મોઢામાં રાખીને ચાવવામાં આવે તો તમારી ભૂખ ના લાગવાની સમસ્યા દુર થઈ જાય છે.

**સુકી ઉધરસ :** સુકી ખાંસી અથવા ગળું બેસી જવાની સમસ્યા હોય તો ૨૦ ગ્રામ તજ, ૨૦ ગ્રામ સાકર, ૧૦ ગ્રામ પીપર, ૪૦ ગ્રામ એલચી તથા ૧૬૦ ગ્રામ વંશલોચન ને બારીક વાંટી મિક્સ કરી તેમાં ૧ ચમચી મધ ઉમેરીને આ મિશ્રણને નિયમિત સવારે તથા સંધ્યા સમયે ચાટવામાં આવે તો આ સમસ્યામાંથી મુક્તિ મેળવી શકાય છે.

**તોતડાપણું :** તોતડાપણાની સમસ્યાથી પીડિત લોકો માટે તજનું સેવન ઉત્તમ ગણાય છે. નિયમિત સવારે તથા સંધ્યા સમયે તજને મોઢામાં ચાવી-ચાવીને તેનું સેવન કરવું. જેથી, આ સમસ્યા દુર થાય છે.

**વીર્યવર્ધક :** દરરોજ સવારે તથા સંધ્યા સમયે તજનો બારીક ભુક્કો કરીને તેનું હુંફાળા દૂધ સાથે સેવન કરવામાં આવે તો તમારું વીર્ય ઘટ્ટ બને અને તેમાં વૃદ્ધિ થાય છે.

**ગેસની સમસ્યા :** દરરોજ સવારે ખાલી પેટે તજના પાવડરનું હુંફાળા પાણી સાથે સેવન કરવામાં આવે તો ગેસની સમસ્યામાંથી મુક્તિ મળે છે અને પાચનશક્તિ મજબુત બને છે. આ ઉપરાંત તજના તેલમાં ૧ ચમચી ખાંડ ઉમેરીને તેનું સેવન કરવાથી પણ ગેસમાં રાહત મળે છે.

**પિત્ત :** તજનો પાવડર બનાવીને તેમાં મધ ઉમેરીને દરરોજ સવારે ભૂખ્યા પેટે તેનું સેવન કરવામાં આવે તો પિત્તની સમસ્યાઓ દુર થાય છે.

**કબજિયાત :** તજ, સુંઠ, જીરુ અને એલચી આ બધી જ વસ્તુઓનો બારીક પાવડર બનાવી અને તેને મિક્સ કરીને નિયમિત સેવન કરવામાં આવે તો કબજિયાત ની સમસ્યામાંથી મુક્તિ મળે છે.

**ટી.બી. (ક્ષય રોગ) :** જે લોકો ટી.બી.ની સમસ્યાથી પીડાઈ રહ્યા હોય તેમને સાકર સાથે તજના તેલના ત્રણ થી ચાર ટીપાં ભેળવીને નિયમિત તેનું સેવન કરવું જોઈએ. જેથી તમે આ સમસ્યામાંથી રાહત મેળવી શકો છે.

**ઝાડાની સમસ્યા :** દસ્ત કે ઝાડામાં તમારે ૧ ગ્રામ તજ, સફેદ કાથાનું ચૂરણ અને મધને સારી રીતે ભેળવીને એક મિશ્રણ તૈયાર કરી લેવું. ત્યારબાદ આ મિશ્રણનું સેવન કરવામાં આવે તો તમને આ સમસ્યામાંથી રાહત થાય છે.

**ઓડકાર આવવા :** ૧૦ ગ્રામ પતાશાનો ભૂક્કો કરી તેમાં તજના તેલના બે થી ત્રણ ટીપા ઉમેરીને સેવન કરવામાં આવે તો ખાટા ઓડકાર આવવાની સમસ્યામાંથી મુક્તિ મળે છે.

**જીભ સુન્ન પડી જવી :** જીભ બોલતા-બોલતા અચાનક જ સુન્ન પડી જતી હોય તો તે લોકોએ નિયમિત સાકરમાં બે થી ત્રણ ટીપા તજનું તેલ મિક્ષ કરીને આખા દિવસમાં બે થી ત્રણ વખત સેવન કરવું જોઈએ. જેનાથી


entice
englaze
ORIS
enGem
Tripper™
ELCG + MCB Combination
MCB's & DB's
KEW
LS IS
Authorised Distributors :
L&T SWITCHGEAR
SAFE & SURE
Shivam Kadakia
Mob.: 79774 73064 • 99301 25548
Nilesh Kadakia
Mob.: 98192 17375
V.B.R. ELEC. & ENGG. CO.
27/33, Pathak Wadi, Ismail Bldg., Lohar Chawl, Mumbai-400002.
Tel.: 2208 7739 | 2206 2026 • Talk Free : *7724 • Email : v.b.r@mtnl.net.in • shivamkadakia71@gmail.com

આ સમસ્યામાંથી રાહત મળે છે.

**ગળામાં કાકડા થવા :** તજનો પાવડર બનાવીને પછી તેમાં તમારી મોઢાની લાળ મિક્સ કરી પેસ્ટ બનાવવી અને ગળામાં જ્યાં કાકડા થયા હોય તે ભાગ પર લગાવવી તો તમને આ દુઃખાવામાં રાહત મળશે.

**ખરતા વાળ :** કોઈ વ્યક્તિને વાળ ખરી જવાની સમસ્યા હોય તો ૧ ચમચી મધ તથા ૧ ચમચી તજ પાવડર મિક્સ કરી એક લેપ તૈયાર કરીને માથાના વાળના મૂળ તથા ત્વચા પર સ્નાન કરતા ૧૫ મિનીટ પૂર્વે લગાવી દો. જેથી વાળ ખરતા બંધ થઈ જાય છે. વાળ ફાટી જવાની સમસ્યા વધારે પડતા તડકામાં રહેવાથી વાળ બે મોઢાંવાળા થઈ જાય છે. વાળ પર એક ચળકાટ ધરાવતુ તથા સુરક્ષિત પડ હોય છે જેને ક્યુટીકલ તરીકે ઓળખવામાં આવે છે. જ્યારે આ પડ ને હાની પહોંચે છે ત્યારે વાળ સુકા પડવા માંડે છે તથા નબળા પડી જાય છે અને તે બે મોઢાં વાળા થઈ જાય છે. આ સમસ્યાને દુર કરવા તજનો ભુક્કો કરી તેમાં હુંફાળુ જળ ઉમેરી તેનો લેપ તૈયાર કરી વાળ પર લગાવવામાં આવે તો વાળ મજબુત બને છે.

**ગઠીયાની સમસ્યા :** મધ, તજ પાવડર તથા હુંફાળું ગરમ પાણી મિક્ષ કરીને એક પેસ્ટ તૈયાર કરીને જે જગ્યાએ તમને સાંધામાં દુઃખાવો થતો હોય તે જગ્યાએ લગાવવું જેથી તમને રાહત મળે. આ સિવાય ૧ ગ્લાસ દૂધમાં ૧ ચમચી વાટેલાં તજ, ૪ એલચી, ૧ ચમચી સુંઠ, એક હરડે તથા ૨ નંગ લસણની કળીઓ ઉમેરીને ઉકાળો તૈયાર કરવો એ જો આ ઉકાળો પીવામાં આવે તો ગઠીયા ની સમસ્યાઓ જડમૂળમાંથી દૂર થાય છે.

**દાંતનો દુઃખાવો :** ૧ ચમચી તજ પાવડરમાં ૫ ચમચી મધ ભેળવીને તેને આખા દિવસમાં ૩ વખત દાંત પર લગાવવામાં આવે તો તમે દાંતના દર્દમાંથી મુક્તિ મેળવી શકો છે. આ ઉપરાંત તજનું તેલ જે દાંતમાં દુઃખાવો થતો હોય ત્યાં લગાવવામાં આવે તો દર્દમાં રાહત મળશે. આ સિવાય તજના પાવડરનો ભુક્કો હુંફાળા પાણી સાથે ગ્રહણ કરવામાં આવે તો લાભયાદી રહે છે.

**ખભામાં દુઃખાવો :** જો તમે ખભાના ભાગમાં થતા દર્દથી પીડાતા હોય તો મધ અને તજના પાવડરને સપ્રમાણ ભાગમાં ભેળવીને દરરોજ સવારે ભૂખ્યા પેટે ૧ ચમચી સેવન કરવામાં આવે તો શરીરમાં પ્રવતતા ઝેરી જીવાણુઓ દુર થાય છે અને રોગપ્રતિકારક શક્તિ મજબુત બને છે. આ ઉપરાંત તજના પાવડરમાં હુંફાળુ જળ ઉમેરીને તેનો લેપ તૈયાર કરીને ખભાના ભાગ પર માલીસ કરવાથી દર્દમાં રાહત થાય છે.

**મોઢાંમાં વાસ આવવી :** તજનો પાવડર બનાવીને જો નિયમિત તેનું સેવન કરવામાં આવે તો તમારા મોઢાંમાંથી આવતી દુર્ગંધ દૂર થઈ જાય છે અને દાંત મજબુત બને છે.

**ધુમ્રપાન :** સતત ધુમ્રપાન કરવાની આદત હો તો તે વ્યક્તિએ ૧ ચમચી મધમાં ૧ ચમચી તજનો પાવડર મિક્ષ કરી જ્યારે પણ ધુમ્રપાન કરવાની ઈચ્છા થાય ત્યારે તેનું સેવન કરવું. જેથી તમારી આ કુટેવ થોડા સમયમાં દુર થવા લાગશે.

**ખીલની સમસ્યા :** ૩ ચમચી મધમાં ૧ ચમચી તજનો ભુક્કો અને લીંબુના બે થી ત્રણ ટીપાં ઉમેરીને એક મિશ્રણ તૈયાર કરી લેવું. ત્યારબાદ આ લેપને સ્કીન પર લગાવવામાં આવે અને એક કલાક બાદ ધોઈ નાખવામાં આવે તો ખીલની સમસ્યા દુર થઈ જાય છે. આ ઉપરાંત દૂધની મલાઈમાં તજનો પાવડર ઉમેરીને તેને સ્કીન પર લગાવવામાં આવે તો ખીલ તથા ચહેરા પરના દાગ-ધબ્બા દુર થઈ જાય છે.

**સ્કીનનો ચેપ :** જો તમે ધાધર કે ખરજવા જેવી સ્કીન ની સમસ્યાઓથી પીડાતા હોય તો તમારે મધ અને તજના પાવડરને સપ્રમાણ ભાગમાં ભેળવીને તેને નિયમિત આ જગ્યા પર લગાવવામાં આવેતો આ સમસ્યા દુર થાય છે.

**ડાયાબીટીસ :** જો એક ગ્લાસ પાણીમાં તજના પાવડરને ઉકાળીને ત્યારબાદ ગરણી વડે ગાળીને પરોઢે ભૂખ્યા પેટે ગ્રહણ કરવામાં આવે તો તમને ડાયાબીટીસ જેવી સમસ્યાઓમાંથી રાહત મેળવી શકો છો.

**હેડકી :** હેડકીની સમસ્યાથી પીડિત વ્યક્તિએ નિયમિત રાત્રે ઊંઘતા પૂર્વે તજને ચાવીને ચૂસી જવા. જેનાથી આ સમસ્યામાંથી મુક્તિ મેળવી શકાય.

**હરસ :** જો તમે ૧ ચમચી તજના પાવડરને હુંફાળા જળમાં ભેળવીને નિયમિત સેવન કરો તો તમે હરસ જેવી સમસ્યામાંથી મુક્તિ મેળવી શકો છે.

**ફોડલીઓ :** જો તમને શરીર પર ફોડલીઓની સમસ્યા ઉદ્‌ભવતી હોય તો તજને વાટીને હુંફાળા જળમાં ઉમેરીને જે જગ્યા પર ફોડલીઓ થઈ હોય ત્યાં લગાડવામાં આવે તો રાહત મળે છે.

**ટાઈફોઈડ :** જે લોકો ટાઈફોઈડની સમસ્યાથી પીડાઈ રહ્યા હોય તેમને સ્નાન કરવાના જળમાં તજના ઓઈલના ત્રણ થી ચાર બુંદ ઉમેરી દેવા અને ત્યારબાદ તે જળથી સ્નાન કરવું જેથી રાહત થાય છે.

**યાદશક્તિ વધારવા માટે :** દરરોજ સવારે તથા સંધ્યા સમયે ૧/૨ ચમચી તજના પાવડરને હુંફાળા જળ સાથે ગ્રહણ કરવામાં આવે તો તમારો માનસિક વિકાસ સારો થાય છે અને યાદશક્તિમાં વૃદ્ધિ થાય છે.

**પેશાબમાં અટકાવ :** જો તમને મૂત્રમાર્ગમાં કોઈપણ પ્રકારની સમસ્યા ઉદ્‌ભવતી હોય તથા પેશાબ રોકાઈ-રોકાઈને આવતો હોય તો ૩ ચમચી તજના પાવડરને ૧ કપ હુંફાળા પાણીમાં ઉકાળીને તેને પરોઢે ભૂખ્યા પેટે સેવન કરી લેવું. જેથી આ સમસ્યા દુર થાય છે.

**નપુંસકતા :** જે લોકો આ સમસ્યાથી પીડાઈ રહ્યા હોય તેમણે ૭૫ ગ્રામ તજને વાટીને એક ગ્લાસ દૂધમાં ભેળવી લો અને આ દૂધને ઉકાળી લો. ત્યારબાદ આ ઉકાળેલા દૂધનું નિત્ય સવાર-સાંજ સેવન કરવું. જેથી આ સમસ્યા દુર થઈ જાય છે.

**કોલેસ્ટ્રોલ :** જો તમે કોલેસ્ટ્રોલની સમસ્યાથી પીડાઈ રહ્યા હોય તો ૨ ચમચી મધમાં ૩ ચમચી તજનો પાવડર તથા ૪૦૦ મી.લી. ચાનું ઉકાળેલુ પાણી મિક્સ કરીને પીવામાં આવે તો ફક્ત બે જ કલાકમાં તમારું કોલેસ્ટ્રોલ ૧૦ ટકા જેટલું ઘટી જશે અને નિયમિત સેવન કરવાથી કોલેસ્ટ્રોલની સમસ્યામાંથી મુક્તિ અપાવશે.

**હૃદયનો હુમલો :** જો તમે મધ અને તજને સપ્રમાણ ભાગમાં મિક્ષ કરીને નિયમિત નાસ્તો કર્યા પૂર્વે ગ્રહણ કરી લો તો તમારું કોલેસ્ટ્રોલ નિયંત્રણમાં રહે છે અને તેથી હૃદયના હુમલાનો ભય દુર રહે છે.

**ચરબી ઘટાડવા :** નિયમિત તજનો પાવડર તથા મધ એક ગ્લાસ પાણીમાં ઉકાળીને સવારે ભૂખ્યા પેટે ગ્રહણ કરવામાં આવે તો વજન ઘટી જશે અને વધારાની ચરબી પણ દુર થઈ જશે.

✣ ✣ ✣

Rakesh Dharia - 9819685882

✣ Civil ✣ Carpenter
✣ Painting ✣ Aluminium
✣ P.O.P.Work ✣ Electric
✣ Fabricators

Krish
INTERIORS

A-604, Saraswati C.H.S.Ltd.
C.S.Road No.4, Near Shakti Nagar
Dahisar (East),
Mumbai - 400068

# પ્રાર્થના

✍ રાજેશ કડકીઆ

**કર જોડી કરું, પ્રાર્થના સ્વીકાર કરો પ્રભુ !**

પ્રાર્થના શબ્દ સાંભળતા જ આપણને આપણી શાળાનાં દિવસો યાદ આવે જ્યાં આપણે બે હાથ જોડી, આંખો બંધ કરીને ઈશ્વરને યાદ કરતા હતા. પ્રાર્થનાનો સાચો અર્થ ઈશ્વરને અંતઃકરણપૂર્વક ખરા હૃદયથી યાદ કરી ભજવા. પ્રાર્થના એટલે ઈશ્વરની યાચના, પ્રભુ પાસે માંગણી, પ્રાર્થના ભજન સ્વરૂપ ગાઈ પણ શકાય કે મનોમન પણ થઈ શકે. ભજન, કિર્તન, સત્સંગ, ધૂન, કથા, પૂજાપાઠ વગેરે પ્રાર્થનાનાં જ ભિન્ન સ્વરૂપો છે. આપણે સહુએ બચપણમાં વડીલોના મોં એ જાગને જાદવા, કૃષ્ણ ગોવાળીયા જેવા પ્રભાતિયા પણ સાંભળ્યાં જ હશે તે પણ પ્રાર્થનાનું જ એક સ્વરૂપ છે. પ્રાર્થના પાંચ મિનિટ પણ થઈ શકે છે કે પાંચ કલાક પણ થઈ શકે છે. પ્રાર્થના કોઈપણ સમયે અને કોઈપણ જગ્યાએ થઈ શકે છે.

સામાન્ય રીતે એવું કહેવામાં આવે છે કે જેની સવાર સારી એનો આખો દિવસ સારો. આ વાક્યમાં પણ પ્રાર્થનાનું જ મહત્વ છુપાયેલું છે. પહેલાનાં સમયમાં લોકો પરોઢિયે ઉઠી સ્નાનાદિ કાર્ય પતાવીને સૂર્યોદયને જળ અર્પણ કરતાં અને ઈશ્વરની સામે દીવો અગરબત્તી કરી અથવા મંદિરે જઈ ભગવાનને મનોમન પ્રાર્થના કરતા, જેથી તેમનો સમગ્ર દિવસ સારી રીતે પસાર થતો. આજનો યુવાવર્ગ આવી સારી સારી ટેવોને અમાન્ય ગણે છે. આજકાલનાં યુવાનો મોડી રાત સુધી મોબાઈલમાં મગ્ન રહે છે અને વ્યસનોમાં મસ્ત રહી પાર્ટીઓમાં વ્યસ્ત રહે છે. પરિણામે આળસ-પ્રમાદનાં કારણે બીજા દિવસે મોડા ઉઠે છે અને ઉઠતાંવેત જ ઝડપથી પોતાનું પ્રાતઃકાર્ય આટોપીને શાળા-કોલેજ કે પોતાના કામધંધે ભાગતા હોય છે. આમ વ્યસ્ત જીવનમાં મસ્ત બનેલો માનવી પ્રાર્થનાને સદંતર ભૂલી જાય છે.

આપણે સવારથી સાંજ સુધી અનેક વિધ પ્રવૃત્તિઓમાં મગ્ન રહી વ્યસ્ત રહીએ છીએ. કેટલાંક કાર્યોમાં આપણને સફળતા મળે છે તો અન્ય કેટલાંક કાર્યોમાં નિષ્ફળતા. સફળતા મળતા આપણને સામાન્ય રીતે આનંદની અનૂભુતિ થાય છે. જ્યારે નિષ્ફળતા મળતાં આપણે નિરાશ થઈ જઈએ છીએ. કેટલીક વાર તો આપણે અતિશય આનંદમાં કે અતિશય શોકમાં ડૂબીએ છીએ. આવા સમયે માત્ર અને માત્ર પ્રાર્થના જ આપણી વહારે આવતી હોય છે. સુખે, દુઃખે સમકૃત્વા એટલે કે સુખ અને દુઃખ બન્નેને સમાન ગણવા. આ વાત આપણે ફક્ત પ્રાર્થના કરવાથી જ સમજાય છે. પ્રાર્થના આપણને ગમે તેવી વિકટ પરિસ્થિતમાં શાંત અને સંયમી રહેવાનું બળ આપે છે. પ્રાર્થના દ્વારા આપણે થોડા સમય માટે પણ પ્રભુને શરણે પહોંચી જઈએ છીએ. હૃદયનાં શુધ્ધ ભાવથી પ્રાર્થના કરવાથી આપણને ગાઢ શાંતિનો અનુભવ થાય છે. આપણને આફતમાં પણ ટકી રહેવાની શક્તિ મળે છે. પ્રાર્થનાથી આપણાં સહુમાં નમ્રતાનો ભાવ જાગે છે.

પ્રાર્થનાથી આપણે આપણાં દોષો જોઈ શકીએ છીએ અને આવા દોષોને દૂર કરવાનો પ્રયત્ન કરી શકીએ છીએ. પ્રાર્થના કરવાથી આપણાં હૃદયની મલિનતા દૂર થાય છે. તેથી જ કાકા કાલેલકરે ઉલ્લેખ કર્યો છે કે પ્રાર્થના એ હૃદયનું સાચું સ્નાન છે.

તો આવો, આપણે સહુ પ્રભુ પાસે બે હાથ જોડી સાચા હૃદયથી અંતઃકરણપૂર્વક સદૈવ પ્રાર્થના કરીએ અને આમ આપણાં જીવનની સાર્થકતા કેળવીએ. ★★★

# તમે અને અમે

✍ ડૉ. કુમુદ પ્રમોદ ધારિયા (લાલખા)

તમે ઈશ્વર છો અમે માનવ છીએ. તમારી અને અમારી સૃષ્ટિના સર્જનહાર તમે છો એવું અમે પણ માનીયે છીએ અને એમ માનવાનું કારણ એ જ કે તમે સર્વસ્વ છો. તમે જ કરી શકો છો તે અમે ન જ કરી શકીએ અને આ સર્વ સિદ્ધ માન્ય છે.

કહેવાય છે કે તમારી સૃષ્ટિમાં ન્યાય છે. જેવા કર્મો તેવા ફળ. તમારી સૃષ્ટિન્યાયી જ છે અને અમે માનવ મસ્તક નમાવીને આ વાત માનીએ છીએ. ન કોઈ દલીલ, ન કોઈ ફરીયાદ ફક્ત પરિસ્થિતિનો સ્વીકાર. અમને ખબર છે કે તમને પૂછવાનો અમને અધિકાર નથી અને જવાબ મળશે એ ફિક્સ નથી કારણ કે અમારી એટલી તીવ્ર ભક્તિ નથી.

પણ અત્યારના સમયમાં અમારી સમજણ ને જબરજસ્ત ઓટ લાગી છે. અમારો દ્રઢ વિશ્વાસ જાણે શંકાશીલ વિચારોમાં પરિવર્તિત થઈ ગયો છે. એવું લાગવા માંડયુ છે જાણે તમે પણ અમારી દુનિયાના જ હો એવા લાગો છો. તમારી દુનિયાના કર્મના ન્યાયને જ પ્રાધાન્ય આપે છે. પરંતુ તમે તો અમારી દુનિયાનાં આંખે પાટો બાંધેલા 'જજ' છો.

એવા જજ જે ફક્ત દલીલો સાંભળે છે. સજા સુણાવે છે. પણ કયા ગુનાની સજા દોઢ વર્ષથી સમગ્ર માનવ જાત અમે અજાણ કારણોની સજા ભોગવીએ છીએ. અમારા ઘર 'ઘર' ન રહેતાં 'જેલ' નાં બંધનોમાં પરિવર્તિત થઈ ગયા છે. કયા કર્મોની આ સજા ? જણાવ્યા વગર જ સજા તમે ફટકારી છે.

તમારા કરતા તો અમારી દુનિયા સારી. તમે અન્યાય કરો તો પણ અમે તમારી સેવા-પૂજન, અર્ચન કરીએ, તમને વિનંતી કરીએ, પ્રાર્થના કરીએ, તમને ફૂલનાં હાર ચડાવીએ, ભાવતા ભોજન ધરાવીએ, તમારી આરતી ઉતારીએ.

પણ તમે તો એક 'જજ' ના જાણેલી, ના સમજેલી, અજ્ઞાત કર્મોની સજા અને માણસ.... ચૂપચાપ ભોગવીએ છીએ. ન કોઈ સમયની મયાર્દા, ન મુક્તિની જાણકારી !

જ્યારે અમારી દુનિયા તો ઘણી ન્યાયી છે. આરોપીને એના કયા ખોટા કર્મની સજા અપાય છે એની જાણકારી અપાય છે. ત્યારબાદ સજા સુણવાય છે અને સજા પણ કેવી ? આરોપીને એની પણ જાણ કરાય છે..કઈ સજા ? કેટલા સમય માટે સજા ? કેટલો કારાવાસ ? આખરે તો મુક્તિનો સમય આવે જ. મન મુક્ત પંખીની જેમ ઉડી શકે અજાણ કર્મોનો ભાર તો નહીં. બંધનો તો નહીં !

... અરે... અરે... હું આ શું વિચારું છું ? હે ઈશ્વર ! ક્ષમા પ્રાર્થુ છું...

અમે તો સામાન્ય જીવ, તમને જીતવા આવ્યા ! 'પ્રભુ' તમારી ન્યાયપ્રણાલી ને સમજી નહીં શક્યા. ભૂલી ગયા કે અમારું સર્જન તો તમારા થકી જ છે; અમારી સૃષ્ટિના સર્જનહાર તો તમે જ છો ! અમે જીવંત રહી શકીએ એ માટે તમે તો અમારી બધી જ જરૂરિયાતો જેવી કે પાણી, ઝાડ-પાન, હવા-ઓક્સિજન, ધન-ધાન્ય, નદીઓ, સમુદ્ર, તડકો-છાંયો બધું જ આપ્યું છે. અમે માણસાઈથી જીવી શકીએ એ માટે અને જો બધાથી ઉપર મહત્વની વાત તો એ છે કે; અમે પ્રગતિશીલ થઈ શકીએ એ માટે અમને બુદ્ધિશાળી બનાવ્યા. પરંતુ અમે શું કર્યું ?

'પ્રભુ' તમે તો અમારા હિતેચ્છુ જ છો, પણ અમે માનવજાત મૂર્ખ. તમારી ન્યાય પ્રક્રિયાને સમજી નહીં શક્યા અને અત્યારે સમગ્ર માનવજાત દોષી સાથે નિદોર્ષી પણ કુદરતની ઝપટમાં આવી ગયા. કહેવામાં જરાય અતિશયોક્તિ નથી લાગતી. જાણે.. અજાણે સદીઓ પહેલાની છૂત-અછૂતની વ્યવસ્થાનું જાણે પુનઃરુત્થાન થયું. અત્યારના આ સમયમાં માણસ માણસને અડકી નથી શકતો. પાસે બેસી વહાલ નથી કરી શકતો. આનાથી વિશેષ દુર્ભાગ્ય શું હોઈ શકે ? પણ વાંક તો અમારો જ ! સમગ્ર મનુષ્યનો જ. અમે જ સ્વાર્થી થઈ ગયા. નગુણા થઈ ગયા. અમે માની લીધું કે અમે પણ તમારી જેમ બધું જ કરી શકીએ. અભિમાન આવી ગયું. એટલી હદ પાર અમે કરી કે બાળકના જન્મ પર કાબુ મેળવી લીધો.

તમે આ બધું જોયા કર્યું. કદાચ ખરા સમયની પ્રતિક્ષા કરી. કારણ કે તમે ન્યાયી જ છો. અમારી દુનિયાનાં આંખે પાટા બાંધેલા 'જજ' નહીં પરંતુ કર્મ સત્તાને તેમ જ ધર્મ રક્ષાને આધીન; એક ઈશ્વર ખુબ જ ન્યાયી પરંતુ જરૂરત પડે સુદર્શન ચક્રધારી.

ગુજરાતી સાહિત્ય જગતના સન્માનીય લેખ શ્રી ગુણવંતભાઈ શાહે લખેલા પુસ્તક 'ઈશાવાસ્યમ' માં અત્યારની પરિસ્થિતને બંધ બેસતો એક સરસ પેરેગ્રાફ છે. તેઓશ્રી લખે છે :-

'કેન્યાના આદિવાસીઓમાં એક કહેવત જાણીતી છે :

''ઝાડીમાં તમારી નજરે મધપૂડો પડે તો તમે નસીબદાર છો. જો તમને બીજો મધપૂડો મળી જાય તો તમે વધારે નસીબદાર છોજો તમને ત્રીજો મધપૂડો મળી જાય તો માનજો કે તમારામાં કળિ પેઠો છે અને તમારી નજર બૂરી છે." જગતમાં ઈશાવાસ્યમ વૃત્તિ અને ગીધવૃત્તિ વચ્ચે સતત ચાલતી આ કહેવતમાં સુંદર રીતે વ્યક્ત થઈ છે. માણસ હવે ત્રીજો મધપૂડો પ્રાપ્ત કરીને પણ અટકતો નથી; એને તો સો-બસો-હજાર મધપૂડા પ્રાપ્ત કર્યા પછી પણ ટાઢક નથી વળતી કારણ કે લોભવાદ અને લાભવાદ આગળ એ લાચાર છે."

હે ઈશ્વર! અમે તમને જાણી ન શક્યા... ઉગતા અને આથમતા સૂર્યદેવનું સન્માન ન કરી શક્યા. 'માતા' સમાન નદીઓને પ્રણામ કરી ન શક્યા. ફળ, ફૂલ, વૃક્ષોનું સન્માન ન કરી શક્યા. અમે તો સમગ્ર સૃષ્ટિને વિનાશ ના પાયે લઈ ચાલ્યા. સ્વાર્થી થઈ ગયા. વૃક્ષો, પ્રાણીઓ, જળચર, નદીઓ, સમદ્ર ને તાબામાં કરી લીધા. પરમ કૃષ્ણની લયલીલા, સૃષ્ટિનો લક્ષ જ અમે તો સદંતર ખોરવી નાખ્યો.

કરોડો માનવ જાતમાં મોટેભાગે લોકો 'ઈશ્વર' તો એક કલ્પના માત્ર છે; એ સમજણમાં જ રાચતા રહ્યાં. કદાચ હજી પણ રાચતા હશે. ઈશ્વર-તત્વ, સેવા-પૂજા, ભક્તિ વિગેરેને મિથ્યા સમજીને અવગણના કરી પરંતુ, ભારતીય સંસ્કૃતિની શ્રેષ્ઠતા કદાચ હજીએ અકબંધ રહી છે; એ અભિમાન છે આપણે તો માનીયે જ છીએ :

ઈશ્વર ભક્તિ તો અમૃત સ્વરૂપા છે, આનંદ સ્વરૂપા છે. કુદરત સાથે જોડાઈ જવાની પ્રક્રિયા છે.

**ભક્ત અને કર્મની મિલન ભૂમી સેવા છે.**

**ભક્ત અને જ્ઞાનની મિલન ભૂમી શ્રધ્ધા છે.**

**કર્મ અને જ્ઞાનની મિલન ભૂમી કરુણા છે.**

**જ્ઞાન, કર્મ અને ભક્તિનું મિલન બિંદુ કૃષ્ણ છે.**

**અને કૃષ્ણ ભક્તિ જ માનવ જાતનું આભુષણ છે..**

અને આ આસ્થા જ આપણને આજના સમયના ઝંઝાવાતમાં સમજણથી જીવાડશે.

અત્યારના વાતાવરણમાં તો વેરણ-છેરણ જીંદગીની વચ્ચે બસ, ઈચ્છા જ દ્રઢ જીવે છે. ★★★


Dent Villa
The Complete Family Dental Care

**Dr. Shikha Dharia**
**B.D.S**

**Treatments we offer are:**

• A complete dental consultation with digital x-ray.
• Complete prophylaxis (clean up) and gum care.
• Restoring of compromised tooth with fillings, root canal, crown and bridges, extraction, implants, dentures.
• Smile designing and esthetics.
• Complete prophylaxis for children.
• Dental Jewellary / Sport guard and snore guard / Silensor.

**Address:**

9/10, Ground Floor, Keshavji Vallabhji Building, Opp. Geeta Building,
Pandita Ramabai Marg, Gamdevi, Grant Road (W), Mumbai: - 400 007.

**Contact: 8879088330**

Timings: 10.00am to 8.00 pm Monday to Saturday

# જો..જો.. છત્રી લેવાનું ભૂલતા નહિ

✍ નિલેશ નવીનચંદ્ર દેસાઈ (તેલવાલા)

છત્રીની સૌથી મોટી માર્કેટ કેરળ, પશ્ચિમ બંગાળ અને મહારાષ્ટ્ર છે. 'ગોડ્સ ઓન લેન્ડ' તરીકે પ્રખ્યાત કેરળમાં વરસાદ વધારે હોય છે અને ગરમી પણ એટલી જ પડે છે. તેથી અહીં છત્રીનો ઉપયોગ બારે માસ રહે છે. માટે જ આ વિસ્તારના લોકો ટકાઉ છત્રી માંગે છે.

ચોમાસું શરૂ થાય અને તરત જ ઘરમાંથી સલાહ મળવા મંડશે 'વરસાદ આવશે છત્રી તો લેતા જાઓ' આમ છત્રીએ ચોમાસામાં પ્રાથમિક જરૂરિયાત બની રહે છે.

છત્રી ક્યારે શોધાઈ તેના જુદા જુદા પુરાણો જુદી જુદી વાત કહે છે. ગ્રીક-પુરાણમાં કથા આવે છે કે એક પ્રેમી તેની પ્રેમિકા સાથે જઈ રહ્યો હતો ત્યાં વરસાદ વરસવા લાગ્યો. ત્યારે પ્રેમીએ પ્રેમિકાનું વરસાદથી રક્ષણ કરવા માટે એક નાનું સરખું ઝાડ જ મૂળથી ઉખેડીને પ્રેમિકાને માથે ધરી દીધું.

પણ છત્રીની પ્રથમ ઐતિયાહસિક ઉત્પત્તિ પૂર્વમાં એટલે કે ઈરાનમાં થઈ હતી. ઈજીપ્ત તેમજ ઈરાનના અનેક શિલ્પોમાં છત્રીદાર માનવ કૃતિઓ કોતરાયેલી જોવા મળે છે. ત્યારે ગ્રીક અને લેટીન પુરાણોમાં પણ છત્રીનો ઉલ્લેખ છે. આમ તો છત્રી પ્રાચીન સમયમાં રાજાઓ અને અમીર-ઉમરાવોના માથે છત્રની જેમ રહેતી.

તેના થોડા સમય બાદ તો ચીનમાં પણ શહેનશાહોની શાહી સવારી નીકળતી ત્યારે શહેનશાહ પર ચોવીસ છત્રીધારીઓ છત્રી દ્વારા છાંયો ઢાળતા ચાલતા. ત્યારે બ્રહ્મદેશમાં છત્રી રાજકુળનું પ્રતીક ગણાતી.

આપણે તો જાણીએ જ છીએ કે આપણે ત્યાં પણ છત્રી કે છત્ર એ રાજ-રજવાડાનું પ્રતિક ગણાતું. આમ હર કોઈ દેશની પ્રાચીન છત્રી ઘણી મહામૂલી હતી. તેનું કાપડ સોનાની જરીવાળું અને ખૂબ જ કિંમતી રહેતું.

આમ સત્તરની સદી સુધી તો છત્રી કે જે ચોમાસામાં આપણું રક્ષણ કરે છે તે ક્યારેય પ્રચારમાં આવી ન હતી પરંતુ છત્રીના પ્રચારનું માન ઈંગ્લેન્ડના જોન્સ હેન્વેને ફાળે જાય છે.

ત્રણસો વર્ષ પહેલાં ઈંગ્લેન્ડના એક કારીગરે પહેલી છત્રી બનાવી. ઈંગ્લેન્ડના રાજાને તેની જાણ થઈ. તેણે કારીગરને જેલમાં પૂર્યો અને જાહેર કર્યું કે છત્રી પોતાના અંગત વપરાશ માટે કોઈએ બનાવવી નહીં તેવો હુકમ પણ જાહેર કર્યો.

વર્ષો પછી આ રાજાના વારસદારોએ હુકમ રદ કરી ઉમરાવોને છત્રી વાપરવાની છૂટ આપી પણ શરૂઆતમાં રાજા સિવાય માત્ર અમીર સ્ત્રીઓ જ છત્રી વાપરતી. આ પછી પુરુષો પણ છત્રી વાપરતાં થયા પણ છત્રી માત્ર શ્રીમંતો જ વાપરી શકે તેટલી મોંઘી હતી. પરિણામ એ આવ્યું કે છત્રી મોભાનું અને હોદ્દાનું પ્રતીક બની રહી. આજે ઉત્પાદન એટલું છે કે પ્રત્યેક વ્યક્તિ છત્રપતિ બની શકે છે. પણ એ કાળે માત્ર રાજાઓ છત્રધારણ કરી શકતા તેથી જ તેમના નામની આગળ છત્રપતિ શબ્દ વપરાતો. પચાસેક વર્ષ અગાઉની તસ્વીરો જોતાં જણાય છે કે ફોટો પડાવતી વખતે ટેબલ પાસે, ટેબલ પર પુસ્તકો અને ફૂલદાની તથા બાજુમાં છત્રી રાખી ફોટો પડાવવાની ફેશન હતી.

ભારતમાં છત્રીનો વપરાશ લગભગ દોઢસો વર્ષ અગાઉ શરૂ થયો, પણ એ વખતે છત્રી બ્રિટનથી અથવા જર્મનીથી આયાત કરાતી હતી. છત્રીના છૂટા ભાગો વિદેશથી આયાત કરી તેની છત્રી બનાવવાનો ઉદ્યોગ તો આજથી દોઢસો વર્ષ પહેલાં કલકત્તામાં પાલ એન્ડ કંપનીએ શરૂ કર્યો. પછી કચ્છીઓએ આશરે ૧૨૫ વર્ષ પહેલાં કચ્છનાં કેરા ગામના ખોજા સદ્‌ગૃહસ્થ શેઠ ઈબ્રાહિમ કરીમજીએ છત્રી ઉત્પાદનમાં ઝંપલાવ્યું.

૧૨૫ વર્ષથી ઈબ્રાહીમ કરીમજી એન્ડ સન્સની હરણ છાપ છત્રી લોકપ્રિય છે અને આજે પણ એ લોકપ્રિયતામાં ઘટાડો થયો નથી. આ પેઢીએ પ્રારંભમાં કાલીકટ અને પછી મદ્રાસમાં મોટે પાયે છત્રીનું ઉત્પાદન શરૂ કર્યું. પછી દસ-બાર વર્ષે કચ્છના જ બે ભાઈઓ નાગજી અને પુરષોત્તમે પણ છત્રી ઉત્પાદનમાં ઝંપલાવ્યું. પહેલા કાલીકટ અને તે પછી મુંબઈમાં તેઓએ શેઠ નાગજી પુરુષોત્તમની કંપની (આજે પ્રાઈવેટ લિમિટેડ બની ગઈ છે) ના નામથી સૂરજ છાપ છત્રી બનાવવી શરૂ કરી. આજે આ પેઢી સૌથી વધુ છત્રીઓ બનાવે છે. છેલ્લાં પાંત્રીસેક વર્ષથી એક બીજી છત્રી ઝેબ્રા છાપ પણ લોકપ્રિય બની. પહેલાં એક સિંધી સજ્જન એમ.એલ.મનસુખાણી કંપનીના માલિક હતા. આજે છેલ્લા પાંચ-છ વર્ષથી પટેલ બંધુઓએ આ કંપનીને હાથમાં લીધી છે.

છત્રી બનાવવામાં કાપડ, સળિયાં, ધાતુની નળી, તેની ચાંપ, હાથો બધું એક જ સ્થળે બનતું નથી. છત્રીના ઉત્પાદકો છત્રીમાં વપરાતા સળિયાં, ઘોડા-ચાંપ, હાથા, કાપડ વગેરે અન્ય ઉત્પાદકો પાસેથી ખરીદી છત્રી બનાવે છે. હવે મુખ્ય ઉત્પાદકો હરણ છાપ, સૂરજ છાપ અને ઝેબ્રા છાપ પોતાના અનુક્રમે રે રોડ, વડગાદી તથા અંધેરીના કારખાનામાં સળિયા-રિબ તથા ધાતુના હાથા બનાવતા થયા છે. સળિયા ચેમ્પિયનના સારા આવે છે જ્યારે કાપડ સેન્ચુરી મિલનું જ વપરાય છે.

છત્રીમાં સૌથી મોટી ક્રાંતી થઈ હોય તો ફોલ્ડિંગ બની તે છે. ભારે વજનવાળી, ઉંચકીને લઈ જવી પડતી અને જ્યાં મુકીએ ત્યાં જ ભૂલાઈ જતી છત્રીને સ્થાને હલકા વજનની છત્રી આવતા હવે તે બેગમાં કે લેડીઝ પર્સમાં મૂકી શકાતી હોઈ તે ગૂમ થવાનો ભય રહ્યો નથી.

બીજું મુંબઈ જેવા શહેરમાં બસ કે ટ્રેનમાં લાંબી દાદાજીના ડંગોરા જેવી છત્રી ક્યાં તો કોઈના ગળામાં ભરાય અને ક્યાં તો કોઈના પગમાં ફસાય. આથી હવે ફોલ્ડિંગ છત્રીનું વેંચાણ વધી રહ્યું છે. છત્રીમાં સુતરાઉ કાપડને સ્થાને નાઈલોનનું કાપડ વપરાતા તેનું વજન પણ ઓછું થયું છે. વળી નાઈલોન સુકાઈ પણ જલ્દી જાય છે એથી આવી છત્રીનું વેંચાણ વધતું રહે છે. સૂરજ છાપવાળા શ્રી ફોફળિયાના જણાવ્યા પ્રમાણે દેશમાં વર્ષે ત્રણ કરોડ છત્રીનું વાર્ષિક ઉત્પાદન થાય છે. છત્રીનું સરેરાશ આયુષ્ય બે થી ત્રણ વર્ષનું હોય છે અને આથી છત્રીનું વેચાણ વધતું રહે છે.

ભારતમાં આશરે સૂરજ છાપનું વાર્ષિક ઉત્પાદન ૫ હજાર ડઝન, ઝેબ્રાનું વાર્ષિક ઉત્પાદન ૩૦ હજાર ડઝન, હરણનું વાર્ષિક ઉત્પાદન ૩૦-૩૫ હજાર ડઝન તેમજ દેશના છત્રીના ઉત્પાદનમાં બીજે ક્રમે આવતા કેન્દ્ર એલેપ્પીનું ઉત્પાદન પણ સારું એવું છે. આ ઉપરાંત ચક્ર છાપ, જોક છાપ અને સહકારી ઉત્પાદક મંડળની છત્રીઓ પણ સારા પ્રમાણમાં વેચાય છે.

એક છત્રીમાં બે માણસો સમાઈ શકવાનું મુશ્કેલ હોય છે, આવું આપણે અત્યાર સુધી માનતા હતા. બેમાંથી એક તો સહેજે ભીંજાઈ જાય એ નક્કી રહેતું પણ હવે તે બે માણસો એક છત્રીમાં સુખેથી વરસાદમાં ફરવાની મોજ માણી શકે છે કારણ કે એક એવી છત્રીનું ઉત્પાદન કરવામાં આવ્યું છે કે જેનો હાથો એક જ હોય છે પણ ઉઘાડવામાં આવે ત્યારે તેનો વિસ્તાર બે છત્રી જેટલો બની જતો હોય છે. બે માણસો બહુ સરખી રીતે એમાં ગોઠવાઈ જતાં હોય છે. પ્રેમીઓ માટે તો આ છત્રી બહુ અનુકૂળ હોય છે. પ્રેમી છત્રી પકડીને ચાલે અને પ્રેમિકા એના સંગમાં વર્ષાની મોસમની જેમ ખીલતી રહે અને મનોમન ભીંજાતી રહે.

અમેરિકામાં આ છત્રીને 'ટ્વિન-બ્રેલા'નું નામ આપવામાં આવ્યું છે. કદમાં સહેજ લાંબી અને વજનમાં પણ સહેજ વધારે છે. ત્યાંના ધોરણ પ્રમાણે એની કિંમત લગભગ ૫૦ ડોલર જેટલી છે. જાપાનમાં એક સ્વિસ પેઢી લીબર વે વાએલચી એન્ડ કંપની તરફથી એનું ઉત્પાદન કરવામાં આવી રહ્યું છે. એક ને બદલે બે છત્રી

ખરીદો એક તમારા માટે અને એક તમારા 'વ્હાલા' માટે એવી જાહેરખબર જો કે બહુ સૂચક છે.

આજના વૈજ્ઞાનિક યુગમાં તો અનેક જાતની છત્રીઓનું ઉત્પાદન થાય છે. તાજેતરમાં એક અમેરિકન કંપનીએ 'હેટ-છત્રી' શોધી હતી. આ છત્રીની બીજી એક વિશેષતા એ હતી કે તેના ઓઢનારના હાથ છૂટા રહી શકતાં હતાં. જેથી હેન્ડલ પકડવાની જરૂર ન હતી. પણ છત્રી ત્યાં તો ખાસ ચાલી નહીં. તેથી એ કંપનીએ ઉત્પાદન બંધ કરી નાખ્યું. પણ તે છત્રી બંધ કરતા હેટ અને ખોલતાં છત્રી બની જતી એ તેની વિશેષતા હતી. ત્યારે લંડનના એક ઉત્પાદકે બેટરી દ્વારા અંદર બલ્બ નાંખી છત્રીમાં પ્રકાશ ફેલાવવાની વ્યવસ્થા પણ કરી છે અને આ છત્રી લંડનમાં ખૂબ જ લોકપ્રિય બની છે.

આમ ટૂંક સમયમાં જ રંગબેરંગી છત્રીઓ તેમજ વિવિધતાભરી છત્રી આ વરસાદના મોસમમાં જોવા મળે છે.

છત્રીના ઉત્પાદનમાં વિશ્વમાં આજે તાઈવાન સૌથી આગળ છે. આમ છતાં ભારતીય ઉત્પાદકોનું કહેવું છે કે વિદેશી છત્રીનું આકર્ષણ હોય એ વાત જુદી છે. બાકી તાઈવાનની છત્રી સર્વશ્રેષ્ઠ છે પણ આથી ઊલટું ભારત મધ્યપૂર્વનો દેશો, આફ્રિકી દેશો, આરબ રાષ્ટ્રો અને અખાતી દેશોમાં છત્રીની નિકાસ કરે છે. ભારતમાંથી આશરે રૂા. ૧૫૦ કરોડની છત્રીઓની નિકાસ થાય છે.

છત્રી જેમ જેમ લોકપ્રિય બનતી ગઈ તેમ તેમ તેનું ઉત્પાદન વધતું ગયું. આજે દેશમાં વર્ષે ત્રણ કરોડ જેટલી છત્રીઓ બને છે. આમ છતાં વિદેશથી દાણચોરીથી છત્રીઓ આવે છે અને પુષ્કળ પ્રમાણમાં વેચાય છે. વિદેશી વસ્તુ પ્રત્યેના લોકોના આ મોહનો લાભ લેનારા ઘણાં લોકો છે. આજે મુંબઈના અનેક વિસ્તારોમાં ફેરિયાઓ વિદેશી છત્રીઓ વેચે છે જે ખરેખર વિદેશી નથી હોતી. આપણી ફોલ્ડિંગ છત્રીઓની ગુણવત્તા એટલી ઊંચી છે કે એને વિદેશીના નામે વેચવામાં આવે છે.

વિદેશોમાં તાઈવાન ઉપરાંત જાપાન, કોરિયા તથા જર્મની પણ બનાવે છે. અમેરિકામાં તાઈવાન તથા જાપાનની છત્રી લોકપ્રિય છે. જ્યારે ભારતની છત્રી આરબ દેશોમાં વધુ લોકપ્રિય છે. આમ છતાં ભારતમાં વિદેશી છત્રીઓ સારા પ્રમાણમાં વેચાય છે.

પશ્ચિમ બંગાળ અને મહારાષ્ટ્રમાં સારી છત્રીની માંગણી વધારે હોય છે. પણ ઉત્તર ભારત સહિત દેશના અન્ય રાજ્યોમાં જ્યાં વરસાદ ઓછો હોય તેવા વિસ્તારોમાં ટકાઉ છત્રીના બદલે મિડિયમ ક્વોલિટીની છત્રી વેચાય છે.

ભારતમાં ૧૦૦ થી ૨૦૦ રૂપિયા કિંમતની છત્રીઓ રનિંગ આઈટમ ગણાય છે. બજારમાં આ રેન્જ ૯૦ ટકા હિસ્સો ધરાવે છે. બાકીના ૧૦ ટકા હિસ્સામાં ડિઝાઈનર છત્રી, અલ્ટ્રા વાયોલેટ રેડિયેશનથી બચાવતી છત્રી વગેરેનો સમાવેશ થાય છે. આ છત્રીઓની કિંમત ૨૦૦ થી લઈ ૫૦૦ સુધી થવા જાય છે.

શાસ્ત્રી ગોપાલભાઈ ભટ્ટ (ગોર)
SANKALP ASTROLOGIST CONSULTANT
JYOTIRVID (MUMBAI)
જ્યોતિષ વિશારદ, કર્મકાંડ વિશારદ
(મૂડેતી - અમદાવાદ)
જ્યોતિષ, મેળાપક, ગ્રહોના જપ, મંડપ મહુર્ત,
ગ્રહશાંતિ, લગ્ન વિધિ, વાસ્તુ શાંતિ, નક્ષત્ર શાંતિ,
શ્રીમંત સંસ્કાર, નવચંડી યજ્ઞ, પિતૃદોષ શાંતિ,
નારાયણ બલી, ડાઉઝિંગ ટેલી થેરેપી દ્વારા
વિવિધ જ્યોતિષ ને લગતા પ્રશ્નોનું યોગ્ય માર્ગદર્શન,
વેદોક્ત પુરાણોક્ત,
શાસ્ત્રોક્ત પુષ્ટિમાર્ગ વિધિ વિધાનથી પૂજન
સંતોષપૂર્વક કાર્ય કરનાર
૬, શાસ્ત્રીભુવન, બ્લોક નં.૧૩/૧૬ ૧ માળે, જવ્રેશ્વર ગલ્લી,
બાણગંગા ક્રોસ રોડ, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦ ૦૦૬
મોબાઈલ : ૯૮૨૦૫ ૨૮૦૨૨
Email : bhattgopal59@gmail.com

બજારમાં આજે જાતજાતની છત્રી ઉપલબ્ધ છે. યુવા દિલો અને કપલ્સને આકર્ષે તેવી ડબલ છત્રી મોંઘી છે પણ એની ભારે માગ છે. સામાન્ય છત્રી કરતાં આ છત્રી ૩૦ ટકા વધુ પહોળી હોવાથી આસાનીથી બે જણા તેમાં આવી શકે છે. બાળકો માટે પણ છત્રીઓની વિશાળ રેન્જ છે જેમાં જાતે પેઈન્ટિંગ કરી શકાય તેવા વોટરપ્રૂફ કલર પણ છત્રી સાથી બાળકોને ભેટ અપાય છે.

ભારતીય છત્રીઓ સ્વદેશી વાતાવરણને અનુરૂપ બનાવવામાં આવે છે. તેથી ટકાઉ હોય છે. વળી આપણા દેશમાં સબ-સ્ટાન્ડર્ડ માલની સામે સારો માલ પણ એટલો જ વેચાય છે. તેથી ભારતીય છત્રીઓ ખરીદનારા ગ્રાહકે ડરવાની જરૂર નથી. અત્યારે પરિસ્થિતિ એવી છે કે વિદેશી છત્રીની માગમાં દર વર્ષે ૧૫-૨૦ ટકાનો વધારો થાય છે. વપરાશ વધી રહ્યો હોવાને કારણે એક કાળે માત્ર રાજા-મહારાજાઓ જ છત્રી વાપરી શકતાં, છત્રપતિ કહેવાતા પણ આજે લોકશાહી છે, લોકો રાજા છે અને છત્રીનું ઉત્પાદન વધી રહ્યું છે એ જોતાં બધાં જ એક દિવસ છત્રપતિ બની જશે. અલબત્ત, રેઈનકોટ વાપરનારાઓનો એમાં સમાવેશ નહીં થાય.

**આમ વરસાદને તું લલકારે આજે, તું પણ થોડું હારી જા,**
**એવા તોફાની વરસાદમાં આજે, અંગે અંગ તું ભીંજવી જા,**
**રંગ તારો રંગબેરંગી, આજે રંગબેરંગી તું પણ પલળી જા.**
**હર વખત કાગડો બને, આજે કોયલ બની તું ટહુકી જા,**
**લટકમટક લહેરાય તું આજે, મુજને થોડું લહેરાવતી જા,**
**ખુદમાં તું છેદ કરી આજે, મુજને બુંદ બુંદ પલળાવી જા.**
**કામણગારી કન્યા જેવી આજે, તું જાતને થોડી સજાવી જા.**
**આવતા વર્ષે ફરી મળીશું આજે, આશ એવી જગાવી જા.**
**ભીની માટીની મહેક સાથે આજે, ખુદ પણ થોડું મહેકી જા**
**મન મૂકી સ્વાર્થી બની આજે, તું રૂપ 'છત્રી' નું બતાવી જા!!!**

★ ★ ★

Atul Kadakia
98193 48001 / 70210 44631

Nihar Kadakia
98330 36101 / 83692 44852

FLAT 18% OFF

LYFE MEDICO
CHEMIST & DRUGGIST

REACH US FOR
BABY PRODUCTS, SURGICAL ITEMS, AYURVEDIC & GENERIC MEDICINES, NUTRITION SUPPLEMENTS, DIABETIC MONITORS, BP MONITORS ETC.

WE ACCEPT A PAYMENT THROUGH
G Pay paytm

FREE HOME DELIVERY

Address : 7, Narayan Wadi, 86-88 B, Khadilkar Road, Mumbai - 400 004 - Phone : 022 67470086
Email : lyfemedico@gmail.com

# પાન એટલે શું ?

**ગતાંકમાં પાના નંબર ૪૦ પર આપેલી વિગતો ભૂલથી પાના નંબર ૪૧માં લીધી હતી પરંતુ તે વિગતો નિચે પ્રમાણે છે.**

iv) રૂ ૫૦,૦૦૦ કરતાં વધુ રકમ માટે રોકડમાં ચુકવણી. એક સહકારી બેંકમાંથી બેંક ડ્રાફ્ટ / પે ઓર્ડર અથવા બેંકરના ચેક માટે કોઈપણ દિવસ દરમિયાન

A રૂ કરતાં વધુ રકમની સમય જમા 2,00,000 અથવા એક કરતા વધુ રૂ. આર્થિક વર્ષ દરમિયાન 5 લાખ

I બેંકિંગ કંપની અથવા સહકારી બેંક

ii. એક પોસ્ટ Officeફિસ;

iii. કંપનીના અધિનિયમ, 2013 ની કલમ 406 માં નિધિનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે અથવા

iv. એક બિન-બેંકિંગ નાણાકીય કંપની

9 રોકડમાં ચૂકવણી અથવા બેંક ડ્રાફ્ટ દ્વારા અથવા પે ઓર્ડર દ્વારા અથવા બેંકર દ્વારા રૂ.

નાણાકીય વર્ષમાં ₹ ૫૦,૦૦૦ થી વધુના એલઆઈસી પ્રીમિયમની ચુકવણી

11. રૂ. ૫૦,૦૦૦ કરતાં વધુ રકમ માટે શેર્સ / સિક્યોરિટીઝની ખરીદી

12. રૂ ૧૦ લાખ કરતાં વધુ રકમ માટે કોઈપણ સ્થાવર મિલકતનું વેચાણ અથવા ખરીદી.

૧.. રૂ ૧૦ લાખ કરતાં વધારે રકમ માટે ઉપર જણાવેલ સિવાય કોઈપણ પ્રકારની માલ અથવા સેવાની ખરીદી અથવા ખરીદી. ₹ ૨ લાખ પ્રતિ ટ્રાન્ઝેક્શન.

નોંધ:

1. સગીર વ્યક્તિ તેના પિતા અથવા માતા અથવા પાલકના પાનનો અવતરણ કરી શકે છે જો કે આવકવેરા પર આવક વસૂલવા યોગ્ય આવક ન હોય.

2. કોઈપણ વ્યક્તિ, જેની પાસે પાન નથી અને ઉપરોક્ત કોઈપણ વ્યવહારમાં પ્રવેશ કરે છે, તે ફોર્મ નંબર 60 માં ઘોષણા કરી શકે છે.

Q.7 શું હું પાન ટાંક્યા વિના મારું આવકનું વળતર ફાઇલ કરી શકું છું?

જવાબ: આવકના વળતર પર પાન ટાંકવું ફરજિયાત છે. તા ૦૧-૦૯-૨૦૧૯ થી કોઈ આકારણી પેન ટાંકવાને બદલે, તેના આધાર નંબરની નોંધણી દ્વારા આવકનું વળતર ફાઇલ કરી શકે છે.

પ્રશ્ન 8. પાન માટે કેવી રીતે અરજી કરવી?

જવાબ: પાન અરજી નીચે આપેલ ફોર્મમાં ભરી શકાશે.

1. ફોર્મ 49 એ (ભારતીય નાગરિકો માટે)

2. ફોર્મ 49AA (વિદેશી નાગરિકો માટે)

પાન એપ્લિકેશન ક્યાં તો એનએસડીએલ વેબસાઇટ www.tin-nsdl.com અથવા યુટીઆઈઆઈટીએસએલ વેબસાઇટ દ્વારા અથવા એનએસડીએલ ટીઆઈએન-સુવિધા કેન્દ્રો / પાન કેન્દ્રો દ્વારા onlineનલાઇન કરી શકાય છે. પાન એપ્લિકેશન ફોર્મ સબમિટ કરતી વખતે, અરજદારે ભૌતિક પાનકાર્ડ અથવા ઇ-પાનકાર્ડ આવશ્યક છે કે કેમ તે સૂચવવું પડશે. જો અરજદાર ભૌતિક પસંદગી કરે છે, તો પછી ભૌતિક પાન કાર્ડ

પાન કાર્ડ ના હોવાના પરિણામ

સી.એ. નરેશ ધારીયા

Q. જો મારું પાનકાર્ડ ખોવાઈ ગયું છે તો શું કરવું?

જવાબ: જો પાનકાર્ડ ખોવાઈ ગયું છે અથવા તમે હાલની વિગતો સાથે નવું પાનકાર્ડ મેળવવા માંગતા હો, તો તમે ડુપ્લિકેટ પાનકાર્ડ માટે "નવા પાનકાર્ડ માટેની વિનંતી અથવા / અને ફેરફારો માટે સબમિટ કરી શકો છો અથવા પેન ડેટામાં સુધારો "અને એફઆઈઆરની એક નકલ ફોર્મ સાથે સબમિટ કરી શકાય છે. જો પાનકાર્ડ ખોવાઈ ગયું હોય અને તમને તમારો પાન યાદ ન હોય, તો આવી સ્થિતિમાં, તમે આવકવેરા વિભાગ દ્વારા પૂરી પાડવામાં આવેલ "તમારો પાન જાણો" ની સુવિધાનો ઉપયોગ કરીને તમને પાન ઓળખી શકો છો. આ સુવિધા આવકવેરા વિભાગની વેબસાઇટ પરથી મેળવી શકાય છે - www.incometaxindiaefiling.gov.in

નામ, પિતાનું નામ અને જન્મ તારીખ જેવી મૂળ વિગતો પ્રદાન કરીને તમે તમારા પાનને ઓનલાઇન જાણી શકો છો. પાનને જાણ્યા પછી તમે ડુપ્લિકેટ પાનકાર્ડ માટે "નવા પાનકાર્ડ માટેની વિનંતી અથવા / અને ફેરફારો અથવા પાન ડેટામાં સુધારો" સબમિટ કરી શકો છો. અરજદારને ફોર્મની બધી કumnsલમ ભરવા જરૂરી છે પરંતુ ડાબી બાજુના કોઈ પણ બ boxesક્સને ટિક ન કરવા જોઈએ.

Q. પાનની માન્યતા કેટલી છે?

જવાબ: એકવાર મેળવેલો પાન આખા ભારતના પાન ધારકના જીવનકાળ માટે માન્ય છે. સરનામાંના બદલાવ અથવા આકારણી અધિકારીના બદલાવથી તેની અસર થતી નથી. તેમ છતાં, પાન ડેટાબેસમાં કોઈ ફેરફાર (એટલે કે પાન મેળવતાં સમયે પૂરી પાડવામાં આવતી વિગતો) માટે ફોર્મમાં વિગતો આપીને આવકવેરા વિભાગને જાણ કરવી જોઇએ.
"નવા પાનકાર્ડ અથવા / અને ફેરફારો અથવા પેન ડેટામાં સુધારણા માટે વિનંતી".

Q. પાન સુધારણા માટે કેવી રીતે અરજી કરવી?

જવાબ: પેન ડેટાબેસમાં કોઈપણ ફેરફાર (એટલે કે પાન મેળવવાના સમયે પૂરી પાડવામાં આવેલી વિગતો) "નવા પાનકાર્ડ માટે વિનંતી / અથવા ફેરફારો અથવા સુધારણા માટે ફોર્મમાં વિગતો આપીને આવકવેરા વિભાગને જાણ કરવી જોઇએ.
પાન ડેટા ".

પાન કરેક્શન બંને online અથવા offline મોડમાં કરી શકાય છે. Offline મોડ માટે, તમારે નજીકના પાન સુવિધા કેન્દ્ર પર "નવા પાનકાર્ડ અથવા / અને ફેરફારો અથવા પાન ડેટામાં સુધારણા માટેની વિનંતી" ફોર્મ સબમિટ કરવું આવશ્યક છે. પાન ડેટામાં નવા પાનકાર્ડ અથવા / અને ફેરફારો અથવા સુધારણા માટેની વિનંતી > એનએસડીએલ દ્વારા

Onlineનલાઇન https://www.onlineservices.nsdl.com/paam/endUserRegisterContact.html

> યુટીઆઈઆઈટીએસએલ દ્વારા https://www.myutiitsl.com/PAN_ONLINE/CSFPANApp

> પીડીએફ ડાઉનલોડ https://www.utiitsl.com/UTIITSL_SITE/forms/CSF_Form_Updated.pdf

Q. પાન સંબંધિત જોગવાઈઓનું પાલન ન કરવા માટે દંડ શું છે?

જવાબ: કલમ ,૨૭૨બી, પેન સંબંધિત જોગવાઈઓનું પાલન કરવામાં કરદાતા દ્વારા ડિફોલ્ટના કિસ્સામાં દંડની જોગવાઈ કરે છે, એટલે કે, પેન મેળવવા માટે જવાબદાર નથી, છતાં પણ તે પેન મેળવવા માટે જવાબદાર છે. કોઈપણ નિર્ધારિત દસ્તાવેજમાં જેમાં પાન ટાંકવામાં આવે છે અથવા ટેક્સ કપાત કરનાર વ્યક્તિ અથવા કર વસૂલતા વ્યક્તિને ખોટો પાન જાણ કરવામાં આવે છે. કલમ ૧૩૯એ ની જોગવાઈઓનું પાલન કરવામાં નિષ્ફળતા અને રૂ. 10000 ની પેનાલ્ટી વસૂલવામાં આવશે.

Q.શું કોઈ વ્યક્તિ એક કરતા વધારે પાન રાખી શકે છે?

જવાબ: એક વ્યક્તિ એક કરતા વધારે પેન રાખી શકતો નથી. જો કોઈ વ્યક્તિને પાન ફાળવવામાં આવે છે, તો તે બીજા પેન મેળવવા માટે અરજી કરી શકશે નહીં. એક કરતા વધારે પેન હોવાને કારણે આવકવેરા કાયદા, 1961 ની કલમ ૨૭૨બી હેઠળ રૂ. ૧૦,૦૦૦ લાદવામાં આવે છે. જો કોઈ વ્યક્તિને એક કરતા વધુ પાન ફાળવવામાં આવ્યા હોય, તો તેણે તરત જ વધારાના પાનકાર્ડ (ઓ) સોંપવા જોઈએ.

Q. ભૂલથી હું જુદા જુદા હેતુઓ માટે વિવિધ પેનનો ઉપયોગ કરી રહ્યો છું જેમ કે એક મારા ડીમેટ ખાતા માટે અને બીજું મારું ઇન્કમ-ટેક્સ રીટર્ન ફાઇલ કરવા અને કર ચૂકવણી માટે. હું આ અધિકાર કેવી રીતે સેટ કરી શકું?

જવાબ: માત્ર એક જ પાન જાળવી રાખવાની સલાહ આપવામાં આવે છે, પ્રાધાન્યમાં એક આવકવેરા હેતુ માટે વપરાયેલ છે અને બીજો નંબર તરત જ સોંપવામાં આવે છે. જે સંસ્થાનો બાદમાં નંબર ટાંકવામાં આવ્યા છે તેઓને યોગ્ય પાન વિશે જાણ કરવી જોઈએ.

# બાલાસિનોર વિદ્યા મંડળ

## પ્રશંસનીય દાન

બાલાસિનોર વિદ્યામંડળ દ્વારા માહે એપ્રિલ ૨૦૨૧ ના જ્યોતિપુંજના માધ્યમ દ્વારા શ્રીજી સાન્યસ કોલેજ અને વાડાસિનોર સ્ત્રી કેળવણી મંડળ એમ.એસ.ડબ્લ્યુ કોલેજના નવા બનાવેલ મકાનની ૬ વિંગોના નામકરણ માટે (રૂા. ૧૧ લાખ પ્રત્યેક વિંગના) દાનની ટહેલ કરવામાં આવી હતી. તેના પ્રતિસાદ રૂપે બે દરિયાદિલ દાતાઓ તરફથી ભોયંતળિયાની બંને વિંગના નામકરણ માટે મંજુરી મળી છે.

૧. રૂા. ૧૧,૦૦,૦૦૦/- (અંકે અગિયાર લાખ પુરા) નું માતબર દાન ભોયંતળિયાની જમણી બાજુની વિંગ માટે મળ્યું છે. દાતાના નામની જાહેરાત આગામી અંકમાં કરવામાં આવશે.

૨. રૂા. ૧૧,૦૦,૦૦૦/- (અંકે અગિયાર લાખ પૂરા) નું માતબર દાનનું વચન શ્રીમતી લીલાબહેન કિરીટકુમાર કડકિઆ (ફાડીઆ) ના પરિવાર તરફથી નૃસિંહ જયંતીના પવિત્ર દિવસે તેમના સુપુત્ર શ્રી હિતેશભાઈ કિરીટકુમાર કડકિઆ (ફાડીઆ) હસ્તક ભોયંતળિયાની ડાબી બાજુની વિંગ માટે મળ્યું છે.

૩. રૂા. ૫૦,૦૦૦/- (અંકે પચાસ હજાર પુરા) નું માતબર દાન શ્રી રાજેશભાઈ શાંતિલાલ કડકિઆ (C.A.) તરફથી ફી રાહત યોજના માટે મળ્યું છે.

સંસ્થાના સૌ કારોબારી સભ્યો જ્યોતિપૂંજના જાહેર માધ્યમ દ્વારા પરિવારનો જાહેરમાં આભાર વ્યક્ત કરતાં કૃતજ્ઞતાની લાગણી અનુભવે છે, અને પરમ કૃપાળુ પરમાત્માને દાતા પરિવારોના સુખ, શાંતિ અને ઉત્કર્ષ માટે પ્રાર્થના કરે છે.

**લિ બાલાસિનોર વિદ્યામંડળ કારોબારી સમિતિ વતી**


|| Jay Jay Shree Gokulesh ||

Kinjal Parikh
8104682589
9820815584

Chintak Parikh
9324310473
9819286125



ESTATE AGENT
Flat/Shop/Office/Gala/Shed
BUY - SELL - RENT

Other Services
- Housing Loan
- Loan Against Property
- Mou
- Agreement
- Registration
- Notary

Maha Rera No : A51900019245

YOUR DREAM'S OUR GOAL



NIRAV Photo Arts
• HD VIDEO SHOOTING • PHOTOGRAPHY
• DESIGNER ALBUM • ONLINE VISION MIXING
• CANDID & PRE WEDDING PHOTOSHOOT & CINEMATOGRAPHY
• STUDIO SETUP • VIDEO HIGHLIGHT
• NEW PHANTOM HELICAM SHOOT • JIMMY JIB
• PRODUCT SHOOT • LED WALL • SCREEN PROJECTOR
• CUTOUT BANNAR WITH DESIGNING WITH STAND

Nirav Parekh / Harshad Parekh
9322515351 / 28282773 / 9821376776

304 A, Sai Dham, L.T.Road, Opp. Fish Market, Dahisar (West), Mumbai- 400 068. INDIA. Mobile : 9322515351 / 9821376776
E-mail : niravphoto@yahoo.com

# શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોત્તેજક મંડળ તથા
# બાલાસિનોર વિદ્યોત્તેજક ચેરિટેબલ ટ્રસ્ટ
## શૈક્ષણિક સહાય અંગેના અરજીપત્રક મેળવવા અંગે જરૂરી માર્ગદર્શન

ઉપરોક્ત મંડળ/ટ્રસ્ટ સંચાલિત પ્રવૃત્તિના અનુસંધાનમાં ચાલુ વર્ષ (૨૦૨૧-૨૦૨૨) ના શૈક્ષણિક સહાય લેવા ઈચ્છુક વિદ્યાર્થી મિત્રોએ તા. ૨૫-૬-૨૦૨૧ બાદ નીચે જણાવેલ મોબાઈલ નંબર પર વોટ્સ એપ દ્વારા પોતાનું ઈમેલ આઈડી આપવાનું રહેશે. તમારા ઈમેલ પર તમને અરજીપત્રક મોકલવામાં આવશે. તે અરજીપત્રકને સંપૂર્ણ વિગતો ભરી તમારા ડેસ્કટોપ પર સેવ કરીને નીચે જણાવેલ ઈમેલ પર મોકલવાનું રહેશે. હાલની પરિસ્થિતિને અનુલક્ષીને મંજુર થયેલી સહાયની રકમ તમારા બેંક ખાતામાં જમા કરવામાં આવશે. તે હેતુ વિદ્યાર્થી મિત્રોએ પોતાના બેંક ખાતાનો એક કેંસલ ચેક અમોને નામ લખીને વોટસ અપ દ્વારા મોકલવો અનિવાર્ય છે. અપુર્ણ વિગતો ભરેલ અરજીપત્રક રદ્દબાતલ ગણાશે. મુંબઈ શહેર ખાતે રહેનાર વિદ્યાર્થી મિત્રો અનુકુળતા પ્રમાણે નીચે જણાવેલ સરનામેથી અરજીપત્રક તથા સહાયની રકમ પ્રાપ્ત કરી શકશે.

**વોટ્સ એપ નંબર : જસ્મિનભાઈ શેઠ : ૯૮૨૦૮૩૦૦૬૦ તથા મંજુલભાઈ ધારિયા : ૯૮૨૦૧૩૫૦૧૪**

**સંસ્થાનું ઈમેલ આઈડી : vidhyotejjaktrust@gmail.com**

**અરજીપત્રક સંપૂર્ણ વિગતો ભરીને પાછા આપવાનું સ્થળ :**

૧. **શ્રી જગદીશ શાંતિલાલ પરીખ (જુનાગઢવાળા)** : બાલાસિનોર ગ્રાહક સહકારી મંડળી લિ., ગણેશ કૃપા, સિક્કા નગર, વી.પી. રોડ, મુંબઈ - ૪૦૦૦૦૪. સમય : સોવાર થી શનિવાર બપોરે ૩ થી ૫.૦૦ કલાક દરમ્યાન

૨. **શ્રી કીર્તિભાઈ હીરાલાલ કડકીઆ (લટકારી)** : શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ, બાલકૃષ્ણ કૃપા, ૧ લે માળે, ૪૫/૪૭ બાબુગેનુ રોડ, મુંબઈ - ૪૦૦૦૦૨. સમય : સોમવાર થી શનિવાર બપોરે ૨ થી ૪ કલાક દરમ્યાન

**મંજુર થયેલ શૈક્ષણિક સહાયનો ચેક મેળવવાનું સ્થળ :**

૧. **શ્રી અસીત રમેશચંદ્ર દેસાઈ** : શ્રીમતી આર્કેડ, ૨૩માં માવે, એ.કે. માર્ગ, નાનાચોક, મુંબઈ - ૪૦૦૦૩૬. સમય : સોમવાર થી શનિવાર બપોરે ૩ થી ૪.૩૦ કલાક દરમ્યાન.

ઉપયુક્ત પ્રવૃત્તિ અંગેની વધુ માહિતી માટે મંડળના માનદ્ મંત્રીઓનો સંપર્ક સાધવો.

**માનદ્ મંત્રીઓ**

**શ્રી જસ્મીન બીપીન શેઠ : ૯૮૨૦૮૩૦૦૬૦**

**શ્રી ધર્મેશ જયંતીલાલ શાહ : ૯૮૨૦૩૪૧૩૭૧**

# કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

**બાલાસિનોરની કે.એમ.જી.જનરલ હોસ્પિટલ (કુણીવાલા કેમ્પસ) માં માહે એપ્રીલ ૨૦૨૧ના માસ દરમ્યાન નીચે મુજબના દર્દીઓએ લાભ લીધેલ છે.**

મેડીકલ, ગાયનેક, સર્જીકલ, આંખ, માનસિક, ઓર્થોપેડીક, સોનોગ્રાફી, મોબાઈલ વાન, ફીજીયોથેરાપી તેમજ ઈમરજન્સીમાં કુલ ૩૯૨૬ દર્દીઓએ, એક્ષ રે વિભાગમાં ૫૯૮ દર્દીઓએ તથા પેથોલોજી વિભાગમાં કુલ ૨૫૯૯ દર્દીઓએ લાભ લીધેલ છે. સર્જીકલના મેજર ઓપેરશન ૦૧ તથા માઈનોર ૦૬, ગાયનેકના મેજર ઓપરેશન ૦૩ માઈનોર ૧૭, ઈ.એન.ટી.ના મેજર ઓપરેશન ૦૫ તથા ઓર્થોપેડીકમાં મેજર ૦૪ તથા માઈનોર ૨૭ તેમજ આંખના મેજર ૪૮ ઓપરેશનો કરવામાં આવેલ છે. તેમજ દવાની રૂા. ૩૨૦૧૫૫/- ની માફી તેમજ ઈન્ડોરમાં રૂા. ૩૧૯૧૫/-ની માફી કરવામાં આવેલ છે.

**હોસ્પિટલમાં નીચે મુજબના કેમ્પ યોજવામાં આવેલ.**

**૧. છારીનો કેમ્પ :** હોસ્પિટલમાં તા. ૨૧-૫-૨૦૨૧ના રોજ છારીનો કેમ્પ યોજવામાં આવેલ. તેમાં કુલ ૦૯ દર્દીઓની આંખમાંથી રાહત દરે છારી કાઢવામાં આવેલ.

**૨. ઈકો કેમ્પ :** તા. ૨૦-૫-૨૦૨૧ના રોજ ૧૩ દર્દીઓના ઈકો રાહત દરે કરવામાં આવેલ.

કમળાબેન શાંતિલાલ પરીખ (કુવાવાળા) સુપર સ્પેશ્યાલીટી સેન્ટરમાં માહે એપ્રીલ ૨૦૨૧ના માસ દરમ્યાન ફીજીશીયન, ઈએનટી, ઓર્થો, સ્કીન, ડેન્ટલ, ઈમરજન્સી, તેમજ ગેસ્ટ્રોલોજીના મળી કુલ ૧૭૮૧ દર્દીઓએ તથા એક્ષ રે વિભાગમાં ૧૩૪૬ દર્દીઓએ તેમજ પેથોલોજી વિભાગમાં ૧૮૩૯ દર્દીઓએ લાભ લીધેલ છે. રૂા. ૨૧૦૭૦/- ની દવા માફી તેમજ લેબોરેટરીમાં રૂા. ૧૮૯૮૩૦/-ની માફી તેમજ ઈન્ડોરમાં રૂા. ૫૬૯૦૦/-ની માફી કરવામાં આવેલ છે. તેમજ પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત ડાયાલીસીસના ૧૬ દર્દીઓએ લાભ લીધેલ છે. જેના રૂા. ૪૦૦૦૦/- ફી કરવામાં આવેલ છે.

**કોવિડ-૧૯ રીલીફ ફંડ - પ્રાપ્ત થયેલ તથા મળેલ વચનની યાદી**

| | | |
|---|---|---|
| ૧. | ૧૦૦૦૦૦૦.૦૦ | અનામી દાતા |
| ૨. | ૯૩૦૦૦૦.૦૦ | મિલાપ ફાઉન્ડેશન (બિંદી ચેતન ધારીઆ) |
| ૩. | ૫૦૦૦૦૦.૦૦ | શ્રીમતી વિધ્યા અને રશેષ ચંદ્રકાંત શાહ પરિવાર તરફથી (નગરશેઠ) |
| ૪. | ૧૫૧૦૦૦.૦૦ | સ્વ. ચંદનબેન ગોકલદાસ ગાંધીની પુણ્ય સ્મૃતિમાં |
| ૫. | ૧૦૦૦૦૦.૦૦ | શ્રીમતી દિપીકાબેન અને શ્રી પંકજભાઈ કાંતીલાલ (લાલખા) |
| ૬. | ૧૦૦૦૦૦.૦૦ | શ્રી હર્ષદભાઈ રમણલાલ દેસાઈ પરિવાર તરફથી |
| ૭. | ૧૦૦૦૦૦.૦૦ | એક શુભેચ્છક તરફથી |
| ૮. | ૫૦૦૦૦.૦૦ | શ્રીમતી નયનાબેન અને શ્રી શશીકાંત કાંતીલાલ ધારીઆ (લાલખા) |
| ૯. | ૫૦૦૦૦.૦૦ | શ્રી ચીરાગ નિલેશ દેસાઈ |
| ૧૦. | ૫૦૦૦૦.૦૦ | શ્રી શરદ નટવરલાલ દેસાઈ |
| ૧૧. | ૪૫૦૦૦.૦૦ | મિનલ ઈન્ટરમીડીએટ્સ |
| ૧૨. | ૩૦૦૦૦.૦૦ | શ્રીમતી માલતીબેન કિરીટકુમાર શાહ (અફણી) પરિવાર |
| ૧૩. | ૨૫૦૦૦.૦૦ | શ્રીમતી જયશ્રી તથા વ્રજેશ નવનીતલાલ દેસાઈ પરિવાર |
| ૧૪. | ૨૫૦૦૦.૦૦ | શ્રીમતી નંદિની તથા દિપક નવનીતલાલ શાહ (ઝાટ) |
| ૧૫. | ૧૦૦૦૦.૦૦ | શ્રી સુકેતુ પરીખ |
| ૧૬. | ૧૦૦૦૦.૦૦ | શ્રી કેતન જે. કડકીઆ (ધંગેલા) |

**કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં વધુ નોંધાયેલ દાન :**

૧. શ્રીમતી ચંદ્રિકાબેન મહેશભાઈ ચીમનલાલ કડકીઆ (બનડા) (પોપ્યુલર પાવર કન્ટ્રોલ) તરફથી જમ્બો ઓક્સિજન સીલીન્ડર નંગ ૧૪ સાધન દાનમાં મળેલ છે.

૨. વીરપુર અમેરીકન અશોશીએટસ તરફથી ઓક્સિજન કોન્સન્ટ્રેટર નંગ ૨ (બે) અંદાજીત રૂા. ૧,૩૦,૦૦૦/- ના સાધન દાનમાં મળેલ છે.

૩. શ્રી કપડવંજ એજ્યુકેશન ટ્રસ્ટ તરફથી ઓક્સિજન કોન્સન્ટ્રેટર (૫ લીટરના) નં-૫ (પાંચ) કોરોના મહામારીમાં દર્દીઓના લાભાર્થે કોરોના મહામારી પતે પછી પરત કરવાની શરતે વાપરવા માટે આપેલ છે.

૪. ઓક્સિજન પ્લાન્ટ : નવો ઓક્સિજન પ્લાન્ટ ૧૩૫ લીટર પ્રતિ મિનિટની ક્ષમતાવાળા આશરે રૂા. ૩૦ લાખની સામે આપણે ત્રણ વર્ષ જુનો ૩૫ લીટર પ્રતિ મિનિટની ક્ષમતાવાળો ઓક્સિજન પ્લાન્ટ કે જે લગભગ રૂા. ૧૮ લાખમાં ખરીદેલો તે પરત કરવાની શરતે આપણને અમૂલ ડેરી તરફથી સાધન દાનમાં મળેલ છે.

**Appeal for Covid-19 -** Medical Equipments & covid relief at KMGG Hospital Trust, Balasinor, Gujarat.
Res. Sir,

Hope you and your family are doing ok. While all of us in India are struggling the ones in the village are worse off due to lack of medical care. Balasinor where our ground parents come from and where they worked hard to build a hospital is better than the rest but still needs help. Hope you can contribute. some to help us buy the necessary equipments.

https://milaap.org/fundraisers/support-multiplepatients?utm_source=whatsapp&utm_medium=fundraiserstitle&mlp_referrer_id=5012411

To pay via paytm (for Android users only) - https://milaap.org/fundraisers/support-multiple-patients/deeplink?deeplink_type-paytm

**કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટને એ.એન.એમ. નર્સીંગ કોર્ષ તથા બી.એસ.સી. નર્સીંગ કોલેજ** માટે

જાહેર કરેલ યોજનાઓનો પ્રતિસાદ આવકાર્ય છે.

**ડીમ્પલ રૂપેશ પરીખ દર્દી આર્થિક મિતી યોજના રાહત યોજનામાં રૂા. ૧૧૦૦૦/- નો ફાળો નોંધાવી**

ગરીબ દર્દીઓને રાહત દરે દવાઓ આપવા સહભાગી થવા દાતાશ્રીઓને વિનંતી.

કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં રૂા. ૫૦૦૦/- ભરી આજીવન સભ્ય થવા માટે વિનંતી.

**શ્રી નિતીન પરીખ/ શ્રી પરેશ પરીખ - માનદ્ મંત્રીશ્રીઓ**

**ગંતાકના મૃત્યુ નોંધમાં સુધારો**

બાબુભાઈ મોહનલાલ દોશી (અમદાવાદ) - ઉં.વ.૯૦ જે નીચે મુજબ વાંચવું.
અજયકુમાર (બાબુભાઈ) મોહનલાલ દોશી - ઉં.વ. ૮૯

## પ્રકીર્ણ વિભાગ

| **મૃત્યુ નોંધ** | વર્ષ |
|---|---|
| ✤ કિરીટભાઈ ઓચ્છવલાલ દેસાઈ (સેવાલીયાવાળા) | ૭૯ |
| ✤ તુષાર રસીકલાલ પરીખ (બખલી) | ૬૫ |
| ✤ સુધાબેન મહેન્દ્ર કડકીઆ (કાચવાલા) | ૮૬ |
| ✤ નલિનીબેન ચંદુલાલ ગાંધી (બખલી) | ૭૨ |
| ✤ પ્રવીણચંદ્ર મોહનલાલ મોદી (ખાંડીવાલા) | ૮૫ |
| ✤ સુરેશ કાંતીલાલ પરીખ (બખલી) | ૭૧ |
| ✤ નલીનચંદ્ર ચંદુલાલ ગાંધી | ૭૨ |
| ✤ શિલ્પા શરદ શાહ (સેવક) | ૫૮ |
| ✤ જ્યોતિ જગદીશ પરીખ (કુવાવાળા) | ૭૭ |

**પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**


**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો - ૧૯૧૯**

Authorised Distributors

# POLYCAB

WIRES & CABLES



- FR/FR-LSH-PVC INSULATED INDUSTRIAL MULTI STRAND CABLES
- PVC INSULATED INDUSTRIAL FLEXIBLE SINGLE / MULTI CORE CABLES
- 3 CORE FLAT SUBMERSIBLE CABLES / SERVICE WIRES
- HT / LT POWER AND CONTROL CABLES
- RAILWAY SIGNALLING / QUAD CABLES
- COAXIAL / TELEPHONE / LAN CABLES
- WELDING / BRAIDED CABLES
- JELLY FILLED TELEPHONE CABLES
- INSTRUMENTATION CABLES
- SPEAKER / CCTV CABLES
- RUBBER CABLES
- FIRE SURVIVAL CABLES
- LIGHTING & LUMINARIES
- SWITCHES & SWITCHGEARS
- UPVC CONDUITS & FITTINGS
- CABLE GLANDS & LUGS
- FANS & APPLIANCES

**AMRISH KACHARIA +91 9769025153**

## PRABHAT WIRES LLP

1st Floor, Govind Niwas, 99/101, Lohar Chawl, Mumbai - 400 002.
Tel.: +91 22 4972 4848 (10 Lines) • Talk Free : *7444 / *7619
Email : sales@prabhatwires.in | Website : www.prabhatwires.in

WPP License No. MR/TECH/WPP-147/South/2021-23
Regd.No.MCS / 050 / 2021-23
Posted at Mumbai Patrika Channel Sorting Office,
Mumbai - 400 001 on 20th & 21st of every month
Publishing day 20th of every month



**ANUKOOL** selections

**BACK TO SCHOOL VIA ANUKOOL**

**SCHOOL UNIFORMS & ACCESSORIES FOR ALL LEADING SCHOOLS**

**NAVIN PAREKH** **RASESH PAREKH**

Anukool Selections, 542, Sandhurst Bridge, Chowpatty,Mumbai - 400 007.
Contact: 2361 2848 - 2369 4166, E: anukoolselections@gmail.com,
www.anukoolselections.com

Printed, Published & Edited by Bankim Rajnikant Parikh on behalf of Shree Balasinor Navyuvak Sangh
& Printed at Lohana Hitechhu, 6/B, Mohatta Bhavan, 3rd Floor, E. Moses Road, Worli
Mumbai - 400018 & Published at 118/120, Ardeshar Dadi Street, 2nd Floor, V.P.Road, Mumbai - 400004.